વર્ષઃ 6 અંકઃ 19

1-15 એપ્રિલ, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



રાષ્ટ્રીય સમુદ્ર દિવસ - 5 એપ્રિલ વિશેષ

## મહાસાગર બની રહ્યા છે અવસરોના સેતુ

“પોર્ટ ફોર પ્રોસ્પેરીટી”, “પોર્ટ ફોર પ્રોગ્રેસ” અને “પોર્ટ ફોર પ્રોડક્ટિવિટી” નું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિઝન દરિયાઈ ક્ષેત્રે લખી રહ્યું છે પરિવર્તનની નવી ગાથા

ઈ-કોપી માટે
QR સ્કેન કરો

ઉત્કલ દિવસ: 1 એપ્રિલ

# ઓડિશાના ઈતિહાસ, સાહિત્ય અને સંગીત પર ભારતને ગર્વ

ઉત્કલ દિવસના રૂપે ઓડિશા 1 એપ્રિલે પોતાનો 90મો સ્થાપના દિવસ ઉજવી રહ્યો છે. આ એ દિવસ છે જ્યારે 1936માં ભાષાના આધારે ઓડિશાની સ્થાપના તત્કાલીન બિહાર, મદ્રાસ પ્રેસિડેન્સી, સંયુક્ત બંગાળના કેટલાક ભાગોને અલગ કરીને કરાઈ હતી. ત્યારથી ઉત્કલ દિવસ આ દિવસે ઉજવવામાં આવે છે. 2011માં તેનું નામ બદલીને ઓડિશા કરવામાં આવ્યું. આ ભૂમિ જ્યાં સમ્રાટ અશોકે અહિંસાનો સંદેશ આપ્યો, સ્વતંત્રતા સંગ્રામમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ભગવાન જગન્નાથની આ પાવનભૂમિના ઈતિહાસ, સાહિત્ય અને સંગીત પર ભારતને છે ગર્વ.....




"ઉત્કલ દિવસની શુભકામનાઓ. આ આપણા દેશની પ્રગતિમાં ઓડિશાના લોકો અને સંસ્કૃતિની સમૃદ્ધ ભૂમિકાને સ્વીકાર કરવાનો દિવસ છે. આગામી સમયમાં ઓડિશાના લોકોને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશીર્વાદ મળે.

-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષઃ 6 | અંકઃ 19 | 1-15 એપ્રિલ, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ
@NISPIBIndia

# અંદરના પાનાં પર...




## કવર સ્ટોરી


રાષ્ટ્રીય દરિયાઈ દિવસ (5 એપ્રિલ)ના અવસરે આવો જાણીએ કે છેલ્લા 11 વર્ષોમાં ભારતે દુનિયાની મુખ્ય દરિયાઈ શક્તિઓમાં સામેલ થવાની દિશામાં કેવા મહત્વપૂર્ણ પગલાં ઉઠાવ્યા છે. આ પ્રયાસોથી 2047 સુધીમાં દરિયાઈ ક્ષેત્રે લગભગ આઠ ટ્રિલિયન રૂપિયાના રોકાણને વેગ મળવાની તથા લગભગ દોઢ કરોડ નવા રોજગાર સર્જન થવાની છે અપેક્ષા.... | 12-27

વિકાસના આગળના મુકામ પર......

**અસંભવને સંભવ કરતું ભારત**



પીએમ મોદીનું આઈટીવી નેટવર્કના એનએક્સટી સમિટમાં સંબોધન | 8-11

**સમાચાર સાર** | 4-5

**વ્યક્તિત્વઃ બાબુ જગજીવન રામ**
જેમણે 1971ની જંગમાં પાકિસ્તાનને આપ્યો જડબાતોડ જવાબ | 7

**કેન્દ્રીય મંત્રીમંડળના મહત્વપૂર્ણ નિર્ણયો**
જળ જીવન મિશન 2.0, 3 મુખ્ય કનેક્ટિવિટી યોજનાઓને મંજૂરી | 28-29

**નવા યુગનો સાક્ષી બની રહ્યું દિલ્હી**
પીએમ મોદી એ 33,500 કરોડ રૂપિયાના વિકાસની ભેટ આપી | 30-31

**હાડૌતીની આશાઓને નવી ઉડાન**
કોટા એરપોર્ટનો પીએમ મોદી દ્વારા શિલાન્યાસ | 32-33

**ઈન્ફ્રાસ્ટ્રક્ચરની શક્તિથી મજબૂત બનતું ભારત**
પીએમ મોદીએ કેરળ-તમિલનાડુને 16,450 કરોડ રૂપિયાની ભેટ આપી | 34-35

**'બજેટ' જન આકાંક્ષાઓની આપૂર્તિનું સાધન**
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રીજા અને ચોથા બજેટ વેબિનારને સંબોધિત કર્યું | 36-37

પીએમ મુદ્રા, ઈ-નામ અને યુપીઆઈ

**આર્થિક સુરક્ષાનું મજબૂત ચક્ર**



પીએમ મુદ્રા, ઈ-નામ અને યુપીઆઈની વર્ષગાંઠ. આ યોજનાઓથી બની રહ્યો છે આર્થિક માર્ગ મોકળો. | 38-40



**પંચતીર્થ**
એક મહાન વ્યક્તિત્વને કૃતજ્ઞ રાષ્ટ્રનું નમન

બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના સિદ્ધાંતો અને આદર્શો આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણને મજબૂતી અને ગતિ આપનારા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાબાસાહેબની 14 એપ્રિલે 136મી જયંતિ પર યાદ કર્યું | 6



પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે...

# સમુદ્ર થી સમૃદ્ધિ

## વૈશ્વિક દરિયાઈ નેતૃત્વ તરફ આગળ વધતું ભારત

સાદર નમસ્કાર

ભારતની દરિયાઈ પરંપરા પ્રાચીન અને ગૌરવશાળી રહી છે. ચોલ અને મરાઠા કાળમાં સમુદ્રી વેપાર અને નૌકાદળની શક્તિએ ભારતની સમૃદ્ધિને નવી ઊંચાઈઓ આપી છે. તે ઐતિહાસિક વારસાથી પ્રેરણા લઈ આજે ભારત પોતાના દરિયાઈ ક્ષેત્રના આધુનિક વિકાસને નવા તબક્કામાં લઈ જઈ રહ્યો છે. લગભગ 11 હજાર કિલોમીટર લાંબી તટરેખા અને વૈશ્વિક દરિયાઈ માર્ગોની રણનીતિક સ્થિતિના કારણે ભારત પાસે અપાર સંભાવનાઓ છે. 12 મુખ્ય બંદર અને 217 અન્ય બંદરો સાથે દરિયાઈ પરિવહન આજે પણ ભારતીય અર્થવ્યવસ્થાની જીવનરેખા છે.

જોકે લગભગ એક દાયકા પહેલાં સુધી આ ક્ષેત્ર જુના કાયદાઓ, સીમિત ક્ષમતા અને ધીમા માળખાકીય વિકાસ સામે લડી રહ્યું હતું. બંદરોની ક્ષમતા, જહાજ નિર્માણ અને જળમાર્ગ વિસ્તરણ પર અપેક્ષિત ધ્યાન ન આપવાના કારણે દેશની વિશાળ દરિયાઈ ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ થઈ શક્યો નથી. છેલ્લા 11 વર્ષોમાં આ ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું છે - સ્વદેશી જહાજોનું નિર્માણ ઝડપથી થઈ રહ્યું છે, બંદરોની ક્ષમતા બે ગણી થઈ છે અને જહાજોનો રોકાણ સમય ઘટ્યો છે. સાગરમાલા કાર્યક્રમ બંદર આધુનિકીકરણ, ઉત્કૃષ્ટ સંપર્ક અને તટીય સમુદાયોના વિકાસને વેગ આપી રહ્યો છે. મેરીટાઈમ ઈન્ડિયા વિઝન 2030 અંતર્ગત ભારતને વિશ્વની અગ્રણી દરિયાઈ શક્તિ અને જહાજ નિર્માણ દેશોમાં સ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકાર સતત કાર્યરત છે.

આ તમામ વાતો એ સંકેત આપે છે કે ભારત સમુદ્ર થી સમૃદ્ધિ તરફ સતત અગ્રેસર છે, માટે 5 એપ્રિલ રાષ્ટ્રીય સમુદ્ર દિવસના અવસરે ભારતના દરિયાઈ સામર્થ્યનું પુનઃજાગરણ જ આ વખતના અંકની અમારી આવરણ કથા બની છે .

આ ઉપરાંત વ્યક્તિત્વ કડીમાં બાબુ જગજીવન રામ, 14 એપ્રિલે બાબાસાહેબ આંબેડકરની જયંતિ પર કૃતજ્ઞ રાષ્ટ્રનું નમન, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણય, આર્થિક સુરક્ષા માટે મુદ્રા, ઈ-નામ અને યુપીઆઈ પર માહિતી સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયાના કાર્યક્રમો તેમાં સામેલ કરાયા છે

આ સાથે, પત્રિકાના ઈનસાઈડ પેજ પર 1 એપ્રિલે ઉજવવામાં આવનાર ઉત્કલ દિવસ અને બેક કવર પર દેશમાં ચિત્તાની વધતી સંખ્યા પર વિશેષ સામગ્રી સમાવિષ્ટ છે.

આપ પોતાના સૂચનો અમને મોકલતા રહો

ધીરેન્દ્ર

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




### યુપીએસસી માટે ઉપયોગી, પુસ્તક રૂપે ઉપલબ્ધ થાય

હું છેલ્લા એક વર્ષથી ન્યૂ ઈન્ડિયા સમાચાર નિયમિત રૂપે વાંચી રહ્યો છું. આ મારી યુપીએસસીની તૈયારીઓ માટે ખૂબ ઉપયોગી છે, કારણ કે આનાથી મને કરંટ અફેર્સની સાથે સાથે અલગ અલગ સરકારી કાર્યક્રમો અને યોજનાઓ વિશે જાણકારી એકત્રિત કરવામાં મદદ મળે છે. મારા મતે તે બહુ જ સારૂં હશે જો આ પબ્લિકેશન એક પુસ્તક રૂપે તમામ માટે ઉપલબ્ધ થાય.

kaluvakavyalu@gmail.com

### સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મહત્વપૂર્ણ

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકા દ્વારા મહત્વપૂર્ણ જાણકારી મળે છે. સાથે જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે તેના સમાચારો ઉપયોગી છે. તેમાં પ્રકાશિત તમામ સમાચારો જાણકારીથી ભરેલા હોય છે. મને વ્યક્તિત્વ કડીમાં પ્રસ્તુત નાયકોની વાર્તા અને તેમના યોગદાનથી જોડાયેલી જાણકારી સૌથી મહત્વપૂર્ણ લાગે છે.

Prof.prema@gmail.com

### શિક્ષક અને વિદ્યાર્થી બંને થઈ રહ્યા છે અપડેટ

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાના માધ્યમથી દેશ-વિદેશની વિવિધ ગતિવિધિઓ વિશે જાણકારી મળે છે. તેના માધ્યમથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરવામાં મદદ મળે છે. એક શિક્ષક રૂપે આનાથી મને પોતાને અપડેટ રહેવામાં મદદ મળે છે. અમે અમારા વિદ્યાર્થીઓને પણ તે વાંચવા માટે પ્રેરિત કરીએ છીએ. તેઓ પણ આની દરેક આવૃત્તિની રાહ જુએ છે. ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાની પૂરી ટીમને ધન્યવાદ.

ધનંજય કુમાર યાદવ

Dhananjaybhu07@gmail.com

### દરેક અંકમાં કંઈને કંઈ નવું શીખવા જેવું

ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાના દરેક અંકમાં કંઈને કંઈ નવું શીખવા જેવું હોય છે. દરેક અંકમાં ભારત સરકારની યોજનાઓની જાણકારી મળે છે. હું આ પત્રિકાના માધ્યમથી દેશમાં થઈ રહેલી વિકાસાત્મક પ્રવૃત્તિઓ અંગે જાણી શકું છું. દેશભક્તિ હોય કે પ્રકૃતિ સાથે જોડાણનો વિષય દરેક અંકમાં તેના વિશે કંઈને કંઈ નવું હોય છે.

Sjknews11@gmail.com

### તમામ ક્ષેત્રના વિકાસની સચોટ જાણકારી

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર પત્રિકાને ડિજિટલી ફોલો કરી રહ્યો છું. દરેક આર્ટિકલને ધ્યાનથી વાંચું છું. મુખ્ય સમાચાર પત્રોની સરખામણીએ આ પત્રિકામાં પોતાના વાચકો માટે પરિયોજનાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અસંગઠિત ક્ષેત્રો માટે સામાજિક સુરક્ષા વગેરે વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. મને તે ખૂબ શ્રેષ્ઠ લાગે છે. આનાથી હું ઘણો અપડેટ રહું છું.

Saurabh.iimc@gmail.com

પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુ: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in




# પીએમ-કિસાન સન્માન નિધિ

## 22મો હપ્તો ચૂકવાયો: 7 વર્ષમાં 4.27 લાખ કરોડ રૂપિયા ખેડૂતોના ખાતામાં પહોંચ્યા

છેલ્લા 11 વર્ષોથી દેશના ખેડૂતોને મજબૂત સુરક્ષા કવચ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર સતત કામ કરી રહી છે. એમએસપી, સસ્તા વ્યાજદર, પાક વીમો, આંતરરાષ્ટ્રીય સંકટમાં પણ ખેતી-ખેડૂતો પર અસર ન પડે તે માટે કાર્ય કરાઈ રહ્યું છે. છેલ્લા દસ 10 વર્ષમાં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ના રૂપે 20 લાખ કરોડ રૂપિયાથી વધુ મળ્યા છે. ખેડૂતોને ક્ષમતા આપવાની આ પહેલમાં 13 માર્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન સન્માન નિધિના 22માં હપ્તામાં 18,640 કરોડ રૂપિયાથી વધુની રકમ 9.32 કરોડ ખેડૂતોના ખાતામાં સીધી ટ્રાન્સફર કરી. 22માં હપ્તામાં જે ખેડૂતોને રકમ આપવામાં આવી તેમાં 2.15 કરોડ મહિલા લાભાર્થીઓ પણ સામેલ છે. વિશ્વની સૌથી મોટી ડીબીટી યોજના બની ગયેલી પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત ખેડૂતોને 4.27 લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે. આ યોજનામાં દરેક પાત્ર ખેડૂત પરિવારને વર્ષે રૂ. 6,000ની નાણાકીય સહાય ત્રણ સમાન હપ્તામાં આપવામાં આવે છે. પીએમ મોદીએ કહ્યું, "આજે સન્માન નિધિ યોજના દેશના સીમાંત ખેડૂતો માટે સામાજિક સુરક્ષાનું માધ્યમ બની ગઈ છે."

## વસ્તી ગણતરી-2027નું શુભંકર: 'પ્રગતિ' મહિલા અને 'વિકાસ' પુરુષનું અનાવરણ

દુનિયાની સૌથી મોટી વસ્તી ગણતરી - 2027 જે બે તબક્કામાં થશે તેના માટે ચાર ડિજિટલ ટૂલનું લોન્ચિંગ અને શુભંકરનું અનાવરણ કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહે કર્યું. શુભંકર 'પ્રગતિ' અને 'વિકાસ'ને મૈત્રીપૂર્ણ અને સહજ પ્રતિક રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યા છે. સાથે જ શુભંકર વર્ષ 2047માં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ પૂર્ણ કરવામાં મહિલા અને પુરૂષોની બરાબર ભાગીદારીનું પ્રતિક પણ છે.

પહેલીવાર વસ્તી ગણતરી ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. સાથે જ પહેલી વાર સ્વ ગણતરીનો પણ વિકલ્પ આપવામાં આવ્યો છે. વસ્તી ગણતરીના પહેલા તબક્કામાં ઘર યાદી તથા ઘર ગણતરી 1 એપ્રિલ 2026થી 30 સપ્ટેમ્બર 2026 વચ્ચે અને બીજા તબક્કામાં વસ્તીની ગણતરી ફેબ્રુઆરી 2027 માં સમગ્ર ભારતમાં હાથ ધરવામાં આવશે.



## નોઈડા આંતરરાષ્ટ્રીય હવાઈ મથકને મળ્યું લાયસન્સ

નાગરિક મહાનિદેશાલયે યમુના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રાઈવેટ લિમિટેડને ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગરના જેવરમાં સ્થિત નોઈડા આંતરરાષ્ટ્રીય હવાઈ મથક માટે એરપોર્ટ લાયસન્સ પ્રદાન કર્યું છે. આ હવાઈ મથકને સાર્વજનિક ઉપયોગ શ્રેણી અંતર્ગત તમામ સિઝનમાં 24 કલાક સંચાલનની અનુમતિ અપાઈ છે. આ આંતરાષ્ટ્રીય હવાઈ મથકનો વિકાસ જાહેર ખાનગી ભાગીદારી(પીપીપી) મોડેલ અંતર્ગત કરાઈ રહ્યો છે. નોઈડા આંતરરાષ્ટ્રીય હવાઈ મથકને ચાર તબક્કામાં એક મલ્ટી મોડલ કાર્ગો હબના રૂપે વિકસિત કરાઈ રહ્યો છે. પહેલા ચરણમાં એક રનવે અને એક ટર્મિનલનું નિર્માણ કરાયું છે. આ ચરણમાં હવાઈમથકની વાર્ષિક ક્ષમતા લગભગ 1 કરોડ 20 લાખ મુસાફરોના સંચાલનની હશે. તમામ ચરણ પૂર્ણ થયા બાદ આ હવાઈ મથક દર વર્ષે લગભગ 7 કરોડ મુસાફરોનું સંચાલન કરી શકશે. આનાથી તે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને પશ્ચિમની ઉત્તર પ્રદેશ માટે એક મુખ્ય ઉડ્ડયન કેન્દ્ર તરીકે ઉભરી આવશે.





# પદ્મ પુરસ્કાર 2027 માટે કરો નામાંકનઃ

પદ્મ પુરસ્કાર 2027 માટે નામાંકન શરૂ થઈ ગયું છે. નામાંકનની અંતિમ તિથિ 31 જુલાઈ, 2026 છે. આ નામાંકન અથવા ભલામણો માત્ર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ http://awards.gov.in પર ફક્ત ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે. સર્વોચ્ચ નાગરિક સન્માનોમાં સ્થાન મેળવનાર પદ્મ પુરસ્કારમાં પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી પુરસ્કારનો સમાવેશ થાય છે. આ પુરસ્કારો કળા, સાહિત્ય અને શિક્ષણ, રમત-ગમત, ઉપચાર, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને એન્જિનીયરીંગ, સામાજિક સેવા, વ્યાપાર અને ઉદ્યોગ જેવા વિવિધ ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત અને અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપવા માટે આપવામાં આવે છે. ડોક્ટરો અને વૈજ્ઞાનિકો સિવાય સરકારી કર્મચારીઓ જેમાં જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કામ કરતા લોકોનો સમાવેશ થાય છે, તેઓ પદ્મ પુરસ્કાર માટે પાત્ર નથી. પદ્મ પુરસ્કારોને 'જનતાનું પદ્મ' બનાવવા માટે પ્રતિબદ્ધ કેન્દ્ર સરકારે તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે કે તેઓ સ્વયંના નામાંકન સહિત નામાંકન/ભલામણો મોકલે. આ પુરસ્કાર સંબંધિત જાણકારી ગૃહ મંત્રાલયની વેબસાઈટ

http://mha.gov.in

અને પદ્મ પુરસ્કાર પોર્ટલ

http://padmaawards.gov.in

પર પણ ઉપલબ્ધ છે.

# દેશ સલ્ફ્યુરિક એસિડ મામલે બનશે આત્મનિર્ભર

કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહે 6 માર્ચે ઓડિશાના પારાદીપમાં ઈફકો સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટ-3 નું લોકાર્પણ કર્યું. આ કારખાનું શરૂ થતા આગામી દિવસોમાં ઈફકો અને કૃભકો સાથે મળીને સમગ્ર દેશને સલ્ફ્યુરિક એસિડ મામલે આત્મનિર્ભર બનાવશે. ઓડિશામાં ગૃહ મંત્રાલય વતી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનું ભૂમિ પૂજન અને એક અસ્થાયી કેમ્પસનું પણ ઉદ્ઘાટન કરાયું. કેન્દ્ર સરકારના આ ત્રણ પગલાથી ઓડિશાના ફોરેન્સિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે અનેક તકો ખુલશે. રોજગાર લક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ દ્વારા સ્નાતક થયા પછી તરત જ સુરક્ષિત રોજગાર સુનિશ્ચિત થશે. ગૃહ મંત્રીએ એક જ દિવસમાં ગૃહ મંત્રાલયની ત્રણ, સહકારિતા મંત્રાલયની ચાર અને ઓડિશા સરકારની 173 યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું.



# સુજલામ ગ્રામ્ય ઓળખપત્રનો પ્રારંભ

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે સુજલામ ગ્રામ્ય ઓળખપત્રનો પ્રારંભ કરાવ્યો. આ વિશેષ ઓળખપત્રથી ગ્રામીણ પાઈપલાઈન દ્વારા જળ પુરવઠાનું ડિજિટલ મેપિંગ કરાશે. દેશમાં પહેલીવાર પ્રત્યેક ગ્રામીણ પીવાના પાણીની યોજનાને એક ડિજિટલ ઓળખ આપવામાં આવી રહી છે. અત્યાર સુધી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 1.64 લાખ સુજલામ ગ્રામ્ય ઓળખપત્રો બનાવવામાં આવ્યા છે. તેમને 67 હજાર સુજલામ ભારત ઓળખપત્રો સાથે જોડવામાં આવ્યા છે. આ ગ્રામીણ જળ સેવા વિતરણની એક વ્યાપક ડિજિટલ પહેલ છે. આનાથી પારદર્શિતા અને દેખરેખના તંત્રને મજબૂત કરવામાં મદદ મળશે. કેન્દ્રીય મંત્રી મંડળે ડિસેમ્બર 2028 સુધી જળ જીવન મિશનના બીજા તબક્કાના વિસ્તરણને મંજૂરી આપી છે અને તેનું બજેટ વધારીને 8.69 લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.





**ભીમ જન્મભૂમિ**
મહૂ, મધ્ય પ્રદેશ



**શિક્ષા ભૂમિ**
આંબેડકર સ્મારક, લંડન



**મહાપરિનિર્વાણ ભૂમિ**
અલીપુર રોડ, નવી દિલ્હી





**દીક્ષા ભૂમિ**
નાગપુર, મહારાષ્ટ્ર



**ચૈત્ય ભૂમિ**
મુંબઈ, મહારાષ્ટ્ર

# પંચતીર્થ

## એક મહાન વ્યક્તિત્વને કૃતજ્ઞ રાષ્ટ્રનું નમન

**બાબાસાહેબ ડોક્ટર ભીમરાવ આંબેડકરના સિદ્ધાંત તથા આદર્શ આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણને મજબૂતી અને ગતિ આપનારા છે... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શબ્દોમાં 14 એપ્રિલે બાબા સાહેબની 136મી જયંતિ પર કૃતજ્ઞ રાષ્ટ્રનું નમન......**

"બાબાસાહેબ માનવતાના પક્ષકાર હતા. અમાનવીયતાની દરેક વસ્તુને નકારતા હતા, તેને સુધારવાનો પ્રયાસ કરતા હતા. અને દરેક વસ્તુ બંધારણીય રીતે કરતા હતા. બાબા સાહેબ આપણને શું સંદેશો આપતા હતા. તેમણે સમાજને એક જ વાત કહી, ભાઈ! શિક્ષિત બનો.... અને એકવાર જો તમે શિક્ષિત હશો તો દુનિયા સામે તમે આંખથી આંખ મિલાવીને વાત કરી શકશો. બીજો મંત્ર આપ્યો સંગઠિત બનો.... ત્રીજી વાત કહી માનવતાના પક્ષમાં સંઘર્ષ કરો... અમાનવીય વસ્તુઓ વિરુદ્ધ અવાજ ઉઠાવો. આ ત્રણ મંત્ર આજે પણ આપણને પ્રેરણા આપે છે. આપણને શક્તિ આપતા રહેશે. બાબાસાહેબ આંબેડકરે જે ભાવનાથી જે પણ કામો કર્યા તે સંપૂર્ણપણે પવિત્ર રાષ્ટ્ર નિષ્ઠા હતી. સમાજ નિષ્ઠા હતી. માટે આ આપણો સંકલ્પ છે. દલિત હોય, પીડિત હોય, શોષિત વંચિત હોય, ગરીબ હોય, આદિવાસી હોય, ગામડામાં રહેતા હોય, ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય, શિક્ષાના અભાવે પીડાતા હોય, આ તમામ માટે આપણે જો કંઈ કરવું હોય તો બાબાસાહેબ આંબેડકર હંમેશા આપણા પ્રેરણા સ્ત્રોત રહેશે.

સરકારે બાબાસાહેબના યોગદાનને દેશ દુનિયા સામે પ્રખરતા પૂર્વક રજૂ કર્યા છે. દેશ-વિદેશમાં બાબાસાહેબ જ્યાં જ્યાં રહ્યા, આપણે તે સ્થળોને પંચતીર્થ સ્વરૂપે વિકસિત કર્યા છે. મહૂમાં તેમનું જન્મ સ્થાન, નાગપુરમાં દીક્ષાભૂમિ. મુંબઈની ચૈત્યભૂમિ, દિલ્હીમાં જ્યાં તેમણે તેમનો અંતિમ સમય વિતાવ્યો, અને લંડનમાં આંબેડકર મેમોરિયલ હોમ, આ પંચતીર્થ આગામી પેઢીઓને પ્રેરિત કરતા રહેશે.

તમામ દેશવાસીઓ તરફથી ભારત રત્ન પૂજ્ય બાબાસાહેબને તેમની જયંતિ પર કોટી કોટી નમન. આ એમની જ પ્રેરણા છે કે દેશ આજે સામાજિક ન્યાયના સ્વપ્નને સાકાર કરવામાં સમર્પિત ભાવથી કાર્યરત છે. તેમના સિદ્ધાંત તથા આદર્શ આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણને મજબૂતી અને ગતિ આપનારા છે."



# જેમણે 1971ની જંગમાં પાકિસ્તાનને આપ્યો જડબાતોડ જવાબ

**જન્મઃ 5 એપ્રિલ. 1908**
**નિધનઃ 6 જુલાઈ, 1986**

*ભારતીય રાજનીતિના શિખર પુરૂષ બાબુ જગજીવનરામ જીવનપર્યંત સમાવેશી અને સમાનતાવાદી સમાજ માટે સંઘર્ષ કરતા રહ્યા. ખાદ્ય તથા કૃષિ મંત્રી તરીકે તેમને ભારતમાં હરિત ક્રાંતિની સફળતાનો શ્રેય આપવામાં આવે છે. જ્યારે સરંક્ષણ મંત્રી તરીકે તેમણે 1971ના યુદ્ધમાં ભારતને ઐતિહાસિક વિજય અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. જેના પરિણામ સ્વરૂપ બાંગ્લાદેશ બન્યું. સામાજિક ન્યાય પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા આજે પણ દેશવાસીઓ માટે છે પ્રેરણા સ્ત્રોત...*

મહાન સ્વતંત્રતા સેનાની અને સામાજિક ન્યાયના લડવૈયા બાબુ જગજીવન રામનો જન્મ 5 એપ્રિલ, 1908માં બિહારના ભોજપુરમાં થયો હતો. જગજીવન રામને આદર્શ માનવીય મૂલ્ય તથા સમજણ તેમના પિતા પાસેથી વારસામાં મળી. જેઓ ધાર્મિક પ્રવૃત્તિના વ્યક્તિ હતા. પ્રેમ અને સન્માનથી બાબુજીના નામે ઓળખાતા જગજીવન રામે દલિતોના ઉત્થાન માટે અથાગ સંઘર્ષ કર્યો. મહાત્મા ગાંધીને પોતાના આદર્શ માનતા બાબુ જગજીવન રામને 10 ડિસેમ્બર, 1940ના રોજ કેદ કરવામાં આવ્યા હતા. ભારત છોડો આંદોલનમાં સક્રિય ભાગીદારીના કારણે 19 ઓગસ્ટ, 1942ના રોજ તેમની ફરીથી ધરપકડ કરવામાં આવી. જેલમાંથી છૂટ્યા બાદ તેઓ 1946માં કેન્દ્રમાં વચગાળાની સરકારના સૌથી યુવા મંત્રી બન્યા. તેઓ ભારતની બંધારણ સભાના સભ્ય પણ રહ્યા

આ અગાઉ 1936માં તેઓ બિહાર વિધાન પરિષદના નામાંકિત સભ્ય તરીકે 28 વર્ષની ઉંમરમાં જ ધારાસભ્ય બન્યા. તેઓ સૌથી લાંબા સમય 33 વર્ષ સુધી કેન્દ્રીય મંત્રીમંડળના સભ્ય રહ્યા અને વિવિધ મુખ્ય વિભાગો સંભાળ્યા. તેઓ દેશના નાયબ પ્રધાનમંત્રી પણ રહ્યા. તેમણે અભૂતપૂર્વ સુધારા કર્યા. ખાદ્ય તેમજ કૃષિ મંત્રીના રૂપે ભારતમાં હરિત ક્રાંતિની સફળતાનો શ્રેય તેમને આપવામાં આવે છે. તો સંરક્ષણ મંત્રીના રૂપે તેમણે 1971ના યુદ્ધમાં ભારતને ઐતિહાસિક વિજય મેળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ત્યાર બાદ જ બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યું. એક વહીવટકર્તા તરીકે ભારત પ્રત્યે તેમની સેવાઓ અતુલ્ય છે. 6 જુલાઈ, 1986ના રોજ આ મહાન રાષ્ટ્રવાદી નેતાનું નિધન થયું.

5 એપ્રિલ 2025ના રોજ દેશના પૂર્વ નાયબ પ્રધાનમંત્રી બાબુ જગજીવન રામને તેમની જયંતિ પર શ્રદ્ધાંજલિ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું- 'વંચિતો અને પીડિતોના અધિકાર માટે તેમનો આજીવન સંઘર્ષ હંમેશા પ્રેરણાસ્ત્રોત બની રહેશે. બાબુ જગજીવન રામે પોતાનું જીવન ગરીબોના કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું. અનેક વર્ષો સુધી રાષ્ટ્રની સેવામાં તેમને પોતાનું આખું જીવન આપ્યું હતું. બાબુ જગજીવન રામ બે વસ્તુ ઈચ્છતા હતા, એક મજબૂત ભારત અને બીજું લોકતાંત્રિક ભારત. જ્યારે દેશે પાકિસ્તાનને તેના કૃત્યોનો જડબાતોડ જવાબ આપ્યો હતો, ત્યારે બાબુજી ભારતના સંરક્ષણ મંત્રી હતા. કટોકટી સામે અવાજ ઉઠાવનાર તે પહેલા કોંગ્રેસી નેતા હતા. એ દિવસોમાં જ્યારે તત્કાલીન પ્રધાનમંત્રીનો ડર લોકોમાં ફેલાયેલો હતો, જ્યારે લોકોની ધરપકડ કરવામાં આવી રહી હતી ત્યારે તેમણે કહ્યું હતું કે લોકોએ આ સંઘર્ષના પરિણામોથી ડરવાની જરૂર નથી.'

વિકાસના આગામી તબક્કા પર...

# અસંભવને સંભવ કરતું ભારત

*ભારતની આઝાદીના આંદોલનનો એક મહત્વપૂર્ણ વળાંક હતો-દાંડી માર્ચ.... જેનું લક્ષ્ય હતું-ભારતની આઝાદી. પોતાના આ સ્વર્ણિમ ઈતિહાસથી પ્રેરિત ભારતે 11 વર્ષમાં પ્રગતિનો નવો અધ્યાય લખ્યો છે અને હવે વિકાસની આ યાત્રાને આગળના સ્તર પર લઈ જઈ રહ્યું છે. જેનું લક્ષ્ય છે- વિકસિત ભારત.... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઈટીવી નેટવર્કની એનએક્સટી સમિટમાં રાષ્ટ્રની આ વિકાસ યાત્રા દ્વારા વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટેના રોડમેપની રૂપરેખા આપી....*

### તબક્કો... વિકસિત ભારત

મહાત્મા ગાંધીએ 12 માર્ચ, 1930ના રોજ સાબરમતી આશ્રમથી દાંડી યાત્રા શરૂ કરી હતી. આ ભારતના સ્વતંત્રતા આંદોલનનો મહત્વપૂર્ણ વળાંક હતો. કારણ કે આ યાત્રાએ દેશના ખૂણે ખૂણાને એક લક્ષ્ય સાથે જોડી દીધું હતું, અને આ લક્ષ્ય હતું-ભારતની આઝાદી. આજે આ ઐતિહાસિક યાત્રાના લગભગ 100 વર્ષોની આસપાસ ભારતીયો ફરી એક નવી યાત્રા પર નીકળ્યા છે. આ યાત્રા છે-વિકસિત ભારતની યાત્રા. આપણું લક્ષ્ય અને આપણો મુકામ એક છે-વિકસિત ભારત.

### પડકારોમાં પણ આગળ વધતું રાષ્ટ્ર

21મી સદીનો આ આ યુગ ન ભૂતો ન ભવિષ્યતી જેવો છે. એક તરફ યુદ્ધની ભયાનકતા છે, પુરવઠા શૃંખલા ફરીથી ખોરવાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર જેવી વૈશ્વિક સંસ્થાઓની સુસંગતતા પર પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે, અને આવા યુગમાં ભારત આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ આગળ વધી રહ્યું છે. દેશના વિકાસનો એક ખૂબ મોટો આધાર એ હોય છે કે, દેશ પડકારો સામે કેવી રીતે લડી રહ્યો છે. છેલ્લા વર્ષોમાં કોરોનાની આફત જોઈ, પછી રશિયા-યુક્રેનનું સંકટ જોયું. હવે એક બીજું મોટું....




### ભારત સાથે જોડાણ અનિવાર્ય છે...

**તાજેતરમાં ફીનલેન્ડના પ્રેસિડેન્ટ એલેક્ઝાન્ડર સ્ટબ ભારત આવ્યા હતા. તેમણે કહ્યું કે હવે દુનિયાની દિશા ગ્લોબલ સાઉથ નક્કી કરશે અને આ દિશાને નિર્ધારિત કરવાવાળી સૌથી મોટી શક્તિ હશે-ભારત.**

**આ અગાઉ કેનેડાના પીએમ માર્ક કાર્નીએ પણ કહ્યું હતું કે, આગામી ત્રણ દાયકામાં દુનિયાની ઈકોનોમિક ગ્રેવિટી જે સેન્ટર તરફ શિફ્ટ થઈ રહી છે, તેનું નામ છે ભારત.**

**ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ માને છે કે ભારત દુનિયાના સૌથી મોટા મુદ્દાઓના ઉકેલમાં અનિવાર્ય ભાગીદાર બની ચૂક્યું છે. આજે ટેક વર્લ્ડ અને આર્થિક ક્ષેત્રોમાં ગ્લોબલ લીડર્સ દ્વારા આપવામાં આવેલા નિવેદનોના સાર જોઈએ તો એક જ ભાવના સામે આવે છે, જો તમે ભવિષ્યનો ભાગ બનવા માંગતા હોય તો તમારે ભારત સાથે જોડાવું જ પડશે, ભારતમાં હોવું જ પડશે.**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો



યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધે સમગ્ર વિશ્વને મોટી ઊર્જા સંકટમાં ધકેલી દીધું છે. સંકટ કાળ એક પ્રકારે, સમગ્ર દેશની પરીક્ષા હોય છે. ભારત સરકાર પણ આ સંકટનો સામનો કરવામાં કોઈ કસર છોડી નથી રહી. સરકાર અલગ અલગ સ્તરે પ્રયાસ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં દુનિયાના ઘણા દેશોના વડાઓ સાથે આ અંગે વાતચીત થઈ છે. પુરવઠા શૃંખલામાં જે અડચણો આવી છે તેને કેવી રીતે દૂર કરાય તે માટે પણ સતત પ્રયાસ ચાલી રહ્યા છે. શાંતિ અને ધૈર્ય સાથે પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. જનવિશ્વાસ વધારીને અને નાગરિકોમાં જાગૃતિ લાવીને, આપણે સાથે મળીને આગળ વધવું જોઈએ અને આમાં, દરેક વ્યક્તિની ભૂમિકા છે.

### સુધારાના આગામી અધ્યાય તરફ...

ભારત આજે નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ પણ કરી રહ્યું છે, તે રિફોર્મ એક્સપ્રેસ પર સવાર છે. ક્યારેક ભારતમાં ઘણા કામ, ઘણા નિર્ણય અસંભવ મનાતા હતા, આજે ભારત તે નિર્ણયો લઈ રહ્યું છે.

- ક્યારેક કહેવાતું હતું કે કલમ-370 હટાવવી અશક્ય છે, જમ્મુ-કાશ્મીરમાં કલમ-370ની દિવાલ તૂટી ગઈ છે.
- દેશમાં સૌનું બેન્કિંગ સિસ્ટમ સાથે જોડાણ અસંભવ લાગતું હતું, આજે 50 કરોડથી વધુ જન ધન ખાતા ખુલી ચૂક્યા છે.
- ટ્રિપલ તલાકને નાબૂદ કરવું અશક્ય લાગતું હતું, આજે મુસ્લિમ બહેનોને આ અન્યાયથી મુક્તિ મળી છે.
- મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં 33 ટકા અનામત પણ અસંભવ લાગતું હતું, આજે તેના માટે કાયદો બની ચૂક્યો છે.
- આજે મુન મિશન, સેમિકંડક્ટર મિશન, ક્વોન્ટમ મિશન, આ સૌ ભારતને

## ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા




- 11 વર્ષોમાં બોટલિંગ કેપેસિટી બમણી થઈ. ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર 13 હજારથી વધી 25 હજાર.
- 2014માં 4 LNG ટર્મિનલ હતા, તેની સંખ્યા બે ગણી થઈ છે.
- ગેસ પાઈપલાઈન લગભગ 3500 કિલોમીટર હતી, હવે 10,000 કિલોમીટર સુધી વિસ્તરિત થઈ.
- હાલમાં 60 ટકા એલપીજી વિદેશથી આવે છે આ માટે દેશના મોટા બંદરો પર આયાત ટર્મિનલ ક્ષમતા વધારવામાં આવી છે.

### પાઈપથી ગેસની સુવિધા....

- 2014 પહેલા દેશમાં ફક્ત 25-26 લાખ ઘરોમાં પીએનજીની સુવિધા હતી, આજે સવા કરોડથી વધુ છે.
- 2014માં દેશમાં સીએનજી પર ચાલતી ગાડીઓ 10 લાખ હતી, આજે 70 લાખથી વધુ છે.
- છેલ્લા દાયકામાં દેશના 600થી વધુ જિલ્લાઓમાં સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક સ્થાપવામાં આવ્યા છે.



## પેટ્રોલિયમમાં ઈથેનોલ અને રિઝર્વ ક્ષમતા

- 2014થી પહેલા ભારત પાસે સ્ટ્રેટેજીક રિઝર્વ ક્ષમતા ના બરાબર હતી આજે 50 લાખ ટનથી વધુ છે આનાથી પણ વધુ ક્ષમતા પર કામ ચાલી રહ્યું છે.
- ભારત આજે દુનિયાનું સૌથી મોટું રિફાઈનિંગ હબ પૈકી એક છે. છેલ્લા દશકામાં રિફાઈનિંગ કેપેસિટીમાં વાર્ષિક મિલિયન ટનથી વધુની વૃદ્ધિ થઈ છે.
- પેટ્રોલિયમ પર નિર્ભરતા ઓછી કરવા માટે ઈથેનોલ અને બાયોફ્યુઅલ પર ભાર મૂકવામાં આવ્યો છે.

**દેશમાં ઈથેનોલ બ્લેન્ડિંગ ક્ષમતા**




- ભારતે જો આ કામ ન કર્યું હોત તો છેલ્લા 11 વર્ષોમાં લગભગ 18 કરોડ બેરલ વધારાનું તેલ વિદેશથી ખરીદવું પડત.

લગભગ **4.5** કરોડ બેરલ તેલ વાર્ષિક આજે ઈથેનોલ ક્ષમતાને કારણે ઓછું આયાત થઈ રહ્યું છે.

લગભગ **1.5** કરોડ રૂપિયાની બચત દેશમાં ફક્ત આનાથી થઈ છે



## રેલ્વે લાઈનોનું વિદ્યુતીકરણ

**રેલવે બ્રોડગેજ નેટવર્કનું ઈલેક્ટ્રીફિકેશન**




- વર્ષ 2024-25માં જ ભારતીય રેલવેએ લગભગ 180 કરોડ લિટર ડીઝલની બચત કરી છે.
- જો ઈલેક્ટ્રીફિકેશન ન થયું હોત તો દર વર્ષે આટલું ડીઝલ બનાવવા માટે એક્સ્ટ્રા ક્રુડ ઓઈલની આયાત કરવી પડત.

નેક્સ્ટ ફ્રન્ટીયર ટેકનોલોજી તરફ લઈ જઈ રહ્યા છે.

...જેથી ભારત પર યુદ્ધની પ્રતિકૂળ અસર ન પડે

- જ્યારે રશિયા-યુક્રેનનું સંકટ વધ્યું હતું, ત્યારે ફર્ટિલાઈઝરની કિંમતો આસમાને પહોંચી હતી. આમ છતાં યુરિયાની જે થેલી આંતરરાષ્ટ્રીય બજારમાં 3,000 રૂપિયામાં મળી રહી હતી તે ખેડૂતોને ફક્ત 300 રૂપિયામાં આપવામાં આવી હતી.
- આ વખતે પણ દેશનો દરેક શક્ય પ્રયાસ હશે કે નાગરિકોના જીવન પર યુદ્ધનો ઓછામાં ઓછો પ્રભાવ પડે.

**મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં વિશેષ અભિયાન**

સરકારે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા લોકોને ગવર્નન્સની પ્રાથમિકતાઓ સાથે જોડ્યા. આજે આ વિસ્તારોમાં હાઉસિંગ, રસ્તાઓ, સ્કૂલ, હોસ્પિટલ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે મહત્વાકાંક્ષી જિલ્લા યોજના, મહત્વાકાંક્ષી બ્લોક યોજના અને પીએમ જનમન યોજના જેવા વિશેષ અભિયાનો ચલાવાઈ રહ્યા છે.

**નક્સલવાદ**

વર્ષ 2013માં 180થી વધુ જિલ્લાઓ માઓવાદી આતંકથી પ્રભાવિત હતા, આજે આ સંખ્યા સિંગલ ડિજિટમાં પહોંચી ચૂકી છે. તેનું પરિણામ એ આવ્યું

## નવીનીકરણીય ઊર્જા 40 ગણી વધી

- આજે દેશની કુલ ઊર્જા ઉત્પાદન ક્ષમતાનો અડધો હિસ્સો રિન્યુએબલ સોર્સથી આવે છે.

**250 ગીગાવોટના આંકડાને વટાવી ગઇ રિન્યુએબલ ક્ષમતા**

- ઘરેલું ઉપયોગમાં ગેસ સિવાય વીજળી વધુને વધુ કામમાં આવે તે માટે પીએમ સૂર્યઘર મફત વીજ યોજના લાગુ કરાઈ છે. અત્યાર સુધી આમાં લગભગ 30 લાખ પરિવારોએ રૂફટોપ સોલર લગાવ્યા છે.
- ગોબરધન સ્કીમમાં કોમ્પ્રેસ્ડ બાયોગેસ બનાવવા પર કામ કરાયું. અત્યાર સુધી દેશમાં 100 થી વધુ પ્લાન્ટ ચાલુ થઈ ચૂક્યા છે અને 600થી વધુ પર કામ ચાલી રહ્યું છે.

**ભારતની સોલાર પાવર કેપેસિટી**






કે જે વિસ્તારો ક્યારેક ભયના ઓથારમાં જીવવા મજબૂર હતા, ત્યાં આજે વિકાસની નવી ઊર્જાનો સંચાર થઈ રહ્યો છે.

### સ્વપ્ન સાકાર કરી રહ્યું છે ભારત....

આજનું ભારત માત્ર સ્વપ્ન જ નથી જોઈ રહ્યું, તેને સાકાર પણ કરી રહ્યું છે. આ માટે આજે દુનિયા કહી રહી છે- ભારત માત્ર પ્રગતિ નથી કરી રહ્યું પરંતુ ભારત આગળના સ્તર તરફ વધી રહ્યું છે. કોરોના કાળમાં જોયું કે જ્યારે સૌ સાથે મળીને ચાલે છે, તો સંકટનો સામનો કરવા માટે દેશનું સામર્થ્ય ઘણું વધી જાય છે. આજે દેશની સામે એક બીજો પડકાર છે અને માટે આપણે સાથે મળીને પ્રયાસ કરવા પડશે. રાષ્ટ્રહિતને સર્વોપરી રાખતા પોતાના કર્તવ્ય નિભાવવા પડશે.

### પ્રગતિનું નેક્સ્ટ લેવલ...

આજે દેશ નેક્સ્ટ જનરેશન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ આગળ વધી રહ્યો છે. UPI એ ડિજિટલ પેમેન્ટને નેક્સ્ટ ફેઝમાં પહોંચાડી દીધું છે. આજે ભારત દુનિયામાં સૌથી ઝડપી રીયલ ટાઈમ ડિજિટલ પેમેન્ટ કરતો દેશ બન્યો છે. ભારત આજે જે ગતિથી પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે તે ગતિ રોકવી અસંભવ છે. 140 કરોડ ભારતીયોની આકાંક્ષા આજે નેક્સ્ટ લેવલ પર છે. હું જાણું છું કે જ્યારે એક સ્વપ્ન પૂર્ણ થાય છે તો નવા સ્વપ્નો, નવી આકાંક્ષાઓ જન્મ લે છે. હવે 140 કરોડ ભારતીયોની આશાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ થશે. ભારત દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે ભારત કોઈપણ પરિસ્થિતિમાં વિકસિત રાષ્ટ્ર બનશે. ■

રાષ્ટ્રીય દરિયાઈ દિવસ

વિશેષ





# ભારતના દરિયાઈ સામર્થ્ય નું પુનઃજાગરણ

**એક સમયે ભારત વિશ્વના સૌથી સમૃદ્ધ અને શક્તિશાળી દેશોમાં ગણાતું હતું અને તેની આ સમૃદ્ધિનો એક મોટો આધાર તેની સશક્ત દરિયાઈ શક્તિ હતી. જોકે આઝાદી બાદ લાંબા સમય સુધી આ ક્ષેત્રની અપાર સંભાવનાઓ પર અપેક્ષિત ધ્યાન આપવામાં આવ્યું નહીં. આજે બદલતા વૈશ્વિક પરિપેક્ષ્યમાં નવુ ભારત પોતાના ગૌરવશાળી દરિયાઈ ઈતિહાસથી પ્રેરણા લઈ આગળ વધી રહ્યું છે. આધુનિક બંદરનો વિકાસ, વધુ સારી દરિયાઈ કનેક્ટિવિટી અને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ દ્વારા દેશ દરિયાઈ ક્ષેત્રમાં નવી ઊર્જા ભરી રહ્યું છે. આના થકી ભારત વેપાર અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની સાથે રાષ્ટ્રીય સુરક્ષા વૈશ્વિક પ્રતિસ્પર્ધા અને રણનીતિક આત્મનિર્ભરતાને આપી રહ્યો છે મજબૂત આધાર....**

**રાષ્ટ્રીય દરિયાઈ દિવસ (5 એપ્રિલ)ના અવસરે આવો જાણીએ કે છેલ્લા 11 વર્ષોમાં ભારતે દુનિયાની મુખ્ય સમુદ્રી શક્તિઓમાં સામેલ થવાની દિશામાં કેવા મહત્વપૂર્ણ પગલાં ઉઠાવ્યા છે. આ પ્રયાસોથી 2047 સુધીમાં દરિયાઈ ક્ષેત્રમાં લગભગ આઠ ટ્રિલિયન રૂપિયાના રોકાણને ગતિ મળવાની અને લગભગ દોઢ કરોડ નવી રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે. પોતાના મેરીટાઈમ અમૃત કાલ વિઝન સાથે વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે નવું ભારત....**

ભારતના દરિયાઈ સામર્થ્યનો સ્વર્ણિમ ઈતિહાસ છે અને તે હજારો વર્ષ જૂનો છે. સેંકડો વર્ષ પહેલા જ્યારે આવી ટેકનોલોજી ન હતી, જ્યારે આવા સંસાધનો ન હતા, ત્યારે એ જમાનામાં દરિયાને ચીરી ભારતે સિંધુદુર્ગ જેવા કેટલાય કિલ્લા બનાવ્યા હતા. ભારત 11,000 કિલોમીટરથી વધુ લાંબા દરિયા કિનારા તથા લાંબી શિપિંગ રેન્જ સાથે મુખ્ય વૈશ્વિક વેપાર માર્ગ પર સ્થિત છે. આના કારણે ભારતમાં બંદર આધારિત આર્થિક વિકાસની અપાર સંભાવનાઓ રહેલી છે. આ જ કારણ છે કે હવે નવું ભારત સ્વર્ણિમ ઈતિહાસના પુનઃજાગરણનો નવો અધ્યાય લખી રહ્યું છે. દરિયાઈ શક્તિ અને સામર્થ્ય કેટલું મહત્વપૂર્ણ છે તે ભારતીય ધર્મગ્રંથોથી લઈ આધુનિક કાળની રચનાઓમાં વર્ણવાયું છે. આને ધ્યાનમાં રાખતા નવું ભારત દરિયાઈ માળખાગત સુવિધાઓમાં નવા સીમાચિન્હો હાંસલ કરી રહ્યું છે.

દરિયાઈ માળખાગત સુવિધાઓના સમગ્ર ઈકો સિસ્ટમને મજબૂત કરવા માટે સતત કામ થઈ રહ્યું છે. છેલ્લા એક દશકમાં ભારતના મોટા બંદરોની ક્ષમતા બમણી થઈ ચૂકી છે. પોર્ટ કનેક્ટિવિટીને મજબૂત કરવા માટે હજારો કિલોમીટરના નવા રસ્તા બનાવાયા છે. 'પોર્ટ ફોર પ્રોસ્પેરીટી' અને 'પોર્ટ ફોર પ્રોગ્રેસ' નું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિઝન સતત પરિવર્તન લાવી રહ્યું છે અને કાર્ય શૈલીમાં 'પોર્ટ ફોર પ્રોડક્ટિવિટી' ના મંત્રને પણ આગળ વધાર્યું છે. ભારત પોતાના કોસ્ટલ શિપિંગ બોર્ડમાં પણ આધુનિકીકરણ કરી રહ્યું છે. ભારતમાં ઈનલેન્ડ વોટર વેઝના વિકાસમાં પણ મોટું પરિવર્તન આવી રહ્યું છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ ભારતની દરિયાઈ ક્ષમતા મજબૂત રહી છે, દેશ અને દુનિયાને તેનો ઘણો લાભ મળ્યો છે. આ વિચાર સાથે આ ક્ષેત્રને સશક્ત કરવા માટે છેલ્લા એક દશકામાં યોજનાબદ્ધ રીતે કામ થઈ રહ્યું છે.

## દરિયાઈ ઈતિહાસ થઈ રહ્યો છે પુનર્જીવિત

ભારતની દરિયાઈ પરંપરા ખૂબ જ સમૃદ્ધ રહી છે. પ્રાચીન સમયથી જ ભારત જહાજ નિર્માણ અને તટીય વેપાર માટે જાણીતું રહ્યું છે. આ ચોલ અને મરાઠા જેવા શક્તિશાળી રાજવંશોની ભૂમિ રહી છે,

**પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં ચાલી રહેલા યુદ્ધના કારણે બદલાઇ રહેલી દરિયાઇ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બંદર, શિપિંગ અને જળ માર્ગ મંત્રાલયે દેખરેખ અને તૈયારીઓને વધુ મજબૂત બનાવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય નાવિકોની અને ભારતીય જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને દરિયાઇ વેપારને અવિરત ચાલુ રાખવાનો છે.**



જેની મજબૂત નૌસૈનિક શક્તિ, વ્યાપક વેપાર અને વ્યૂહાત્મક કૌશલ્યએ દેશની સમૃદ્ધિ અને શક્તિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમની દુરંદેશીએ બતાવ્યું કે કેવી રીતે મહાસાગર અવસરોના સેતુ તરીકે કામ કરી શકે છે, પરંતુ લાંબા સમય સુધી ભારતનું દરિયાઈ ક્ષેત્ર જુના કાયદા અને સીમિત ક્ષમતા સામે લડી રહ્યું હતું. એવામાં આ સ્થિતિને બદલવા માટે વર્ષ 2014થી એક વિઝન સાથે પહેલ શરૂ કરાઈ અને છેલ્લા 11 વર્ષોમાં આ ક્ષેત્રે મોટા પરિવર્તનો આવ્યા. આજે ભારતનું દરિયાઈ ક્ષેત્ર આધુનિક, વૈશ્વિક ભરોસો અને રાષ્ટ્રીય ગર્વનું પ્રતિક બની ચૂક્યું છે. ભારત સ્વાભાવિક રૂપથી આ ક્ષેત્રમાં નેતૃત્વની ભૂમિકામાં રહ્યું છે. ભારતના દરિયાકાંઠે સંસ્કૃતિઓનો વિકાસ થયો. હજારો વર્ષોથી ભારતીય બંદરો મહત્વપૂર્ણ વ્યવસાયિક કેન્દ્ર રહ્યા. આ કિનારાઓએ ભારતને વિશ્વ સાથે જોડ્યું છે. ભારતની આ સમૃદ્ધિનો એક મોટો આધાર હતો- ભારતનું દરિયાઈ સામર્થ્ય. આ તાકાતનું એક ઉદાહરણ સ્વયં છત્રપતિ શિવાજી મહારાજ છે. જેમણે દરિયાઈ વેપાર અને દરિયાઈ શક્તિને એક નવી ઊંચાઈ આપી હતી. તેમણે નવી નીતિઓ બનાવી, દેશની પ્રગતિ માટે નિર્ણયો લીધા. એક સમયે ભારતની તાકાત એટલી હતી કે દર્યા સારંગ કાન્હોજી આંગ્રે સમગ્ર ઈસ્ટ ઈન્ડિયા કંપની પર ભારે પડ્યા હતા. પરંતુ, આઝાદી પછી આ વિરાસત પર ધ્યાન અપાયું નહીં. ઔદ્યોગિક વિકાસથી લઈ વેપાર સુધી, ભારત પાછળ પડતું ગયું. તે સમયે દરિયાઈ શક્તિ રૂપે ભારત, દુનિયામાં જહાજ નિર્માણનું સૌથી મોટું કેન્દ્ર હતું. ભારતના દરિયાકાંઠાના રાજ્યોમાં બનેલા જહાજ, દેશ અને દુનિયાના વેપારને ગતિ આપતા હતા. એટલું જ નહીં 6 દશક પહેલા સુધી દુનિયા, ભારતમાં બનેલા જહાજોનો ઉપયોગ કરતી હતી. આ સમયગાળામાં ભારતનો 40 ટકાથી વધુ આયાત-નિકાસ દેશમાં જ બનેલા જહાજો દ્વારા થતો હતો. પરંતુ છેલ્લા કેટલાક દશકોમાં દેશનું શિપિંગ સેક્ટર ઉપેક્ષાનો શિકાર બન્યું. ભારતમાં જહાજ નિર્માણ પર ભાર મૂકવાની જગ્યાએ વિદેશી જહાજોને ભાડું.

ચૂકવવું વધુ સારૂં માનવામાં આવ્યું. આનાથી ભારતમાં શિપ-બિલ્ડીંગ ઈકો

> **પોર્ટ લેન્ડ ડેવલપમેન્ટ માટે પણ 11 વર્ષ પહેલા જે લક્ષ્ય અમે નક્કી કર્યું હતું, ભારત તેમાં જબરદસ્ત સફળતા હાંસલ કરી રહ્યું છે. અમે દેશમાં મોટા-મોટા જહાજો માટે મોટા બંદરો બનાવી રહ્યા છીએ. સાગરમાલા જેવી યોજનાથી પોર્ટસની કનેક્ટિવિટીને વધારી રહ્યા છીએ.**
>
> **-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સિસ્ટમ ઠપ્પ થઈ ગઈ અને વિદેશી જહાજો પર નિર્ભરતા મજબૂરી બની ગઈ. પરિણામ એ આવ્યું કે 5-6 દશક પહેલા જ્યાં 40 ટકા વેપાર ભારતીય જહાજો દ્વારા થતો હતો, તે ઘટીને માત્ર 5 ટકા થઈ ગયો. એટલે પોતાના 95 ટકા વેપાર માટે આપણે વિદેશી જહાજો પર નિર્ભર થઈ ગયા.

આ આંકડાઓ જુઓ, આ ક્ષેત્રને પુનઃજીવિત કરવાના છેલ્લા એક દાયકામાં થયેલા પ્રયાસો પહેલા ભારત દર વર્ષે લગભગ 75 બિલિયન ડોલર એટલે કે લગભગ 6 લાખ કરોડ રૂપિયા વિદેશી શિપિંગ કંપનીઓને ભાડાના રૂપે આપતી હતી. એટલે કે આજે ભારતનું જેટલું સંરક્ષણ બજેટ છે, લગભગ તેટલા પૈસા ભાડા રૂપે અપાતા હતા. જો પહેલા આ રકમ ભારતની શિપિંગ ઈન્ડસ્ટ્રી પર ખર્ચ કરાઈ હોત તો દુનિયા આજે ભારતીય જહાજનો જ ઉપયોગ કરી રહી હોત. દેશના ધનની બચત થાત- જેનો ઉપયોગ જન-કલ્યાણના બીજા કામોમાં થઈ શકત. નવા ભારતે ઈતિહાસમાંથી શીખ લેતા પોતાની ક્ષમતા અને ગૌરવને ઓળખ્યું છે. આ સાથે દેશ દરિયાઈ માળખાગત સુવિધાના વિકાસમાં સતત નવા સીમાચિન્હો સ્થાપિત કરી રહ્યું છે. એટલે આજે દરિયાઈ ક્ષેત્ર ભારતીય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ બની ચૂક્યું છે. જે દેશના વેપારના જથ્થાની દ્રષ્ટિએ લગભગ 95% અને મૂલ્યની દ્રષ્ટિએ 70% જેટલો ટેકો આપે છે. આના મૂળમાં જહાજ નિર્માણ છે, જેને ઘણીવાર 'ભારે એન્જિનિયરિંગની જનની' કહેવામાં આવે છે. તે માત્ર રોજગાર અને રોકાણમાં નોંધપાત્ર યોગદાન નથી આપતા સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા, વ્યૂહાત્મક સ્વતંત્રતા, વેપાર તથા ઊર્જા પુરવઠા શૃંખલાઓના ઓપ્ટિમાઈઝેશનને પણ પ્રોત્સાહન આપે છે.

જહાજ નિર્માણનું કામ ભારતમાં થાય અને ભારતના લોકોને રોજગાર મળે, તેના પર કેન્દ્ર સરકારે વિશેષ ભાર મૂક્યો છે. આ દિશામાં લાખો કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે. એનું જ પરિણામ છે કે મોટાભાગના બંદરોની ક્ષમતા પહેલાની સરખામણીએ બે ગણી થઈ ગઈ છે. ખાનગી રોકાણ પણ વધ્યું છે. જહાજોના આવવા જવાના સમયમાં પણ ઘટાડો થયો છે. આનો લાભ ઉદ્યોગો અને વેપારીઓને મળવાના કારણે ખર્ચમાં ઘટાડો થયો છે. ગુજરાતના લોથલમાં મળેલી સિંધુ ઘાટી સભ્યતાનું પોર્ટ આજે ભારતની ખૂબ મોટી વિરાસત છે. એક સમય સુરતના બંદર પર 80થી વધુ દેશોના જહાજ લંગર નાખી રહેતા હતા. ચોલ સામ્રાજ્ય એ ભારતના આ

**શિપિંગ સેક્ટરમાં રિફોર્મ્સ, એક રીતે છેલ્લા એક દશકની અમારી રિફોર્મ સફરનું કન્ટીન્યુએશન છે. જો આપણે છેલ્લા 10-11 વર્ષોને જોઈએ તો, ભારતના મેરીટાઈમ સેક્ટરમાં જે પરિવર્તન આવ્યું છે તે ઐતિહાસિક છે.- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



# ભારતીય મેરીટાઈમ

*દરિયાઈ ક્ષેત્ર ભારતની શક્તિ, સ્થિરતા અને નિરંતરતાનું પ્રતીક છે. 11,098 કિલોમીટર લાંબો દરિયા કિનારો, 13 દરિયાકાંઠાના રાજ્યો, આશરે 1,300 ટાપુઓ અને 23.7 લાખ વર્ગ કિલોમીટરનો વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર ભારતને એક સ્વાભાવિક દરિયાઈ શક્તિ બનાવે છે.*

**11,098** કિલોમીટર લાંબો દરિયા કિનારો | **13** દરિયાકાંઠાના રાજ્યો | **1,300** ટાપુ

**23.7** લાખ વર્ગ કિલોમીટરનો વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર



## મેરીટાઈમ શું છે?

મેરીટાઈમ એટલે દરિયાઈ ઉદ્યોગ, નેવિગેશન, વેપાર, જહાજ નિર્માણ અને દરિયાઈ સુરક્ષા છે, જે અર્થવ્યવસ્થા માટે મહત્વપૂર્ણ છે.

## સમૃદ્ધ ઈતિહાસ

ભારતનો દરિયાઈ ઈતિહાસ સિંધુ ઘાટી સભ્યતાના લોથલ (દુનિયાનું સૌથી જૂનું બંદર) સાથે જોડાયેલું છે. જે મેસોપોટેમિયા સાથે વેપાર કરતું હતું, લોથલથી મળેલુ ડ્રાઈ- ડોક 2400 ઈ.પુ.નું છે. આને વિશ્વની પ્રથમ એવી સુવિધા માનવામાં આવે છે જેના પર જહાજોના આશ્રય અને તેમના સમારકામની સુવિધા હતી.





*ભારતનો ઈતિહાસ, આપણા દરિયાઈ સામર્થ્યનો ઈતિહાસ છે. સેંકડો વર્ષ પહેલા જ્યારે ટેકનોલોજી ન હતી, જ્યારે આવા સંસાધનો ન હતા, ત્યારે એ જમાનામાં સમુદ્રને ચીરી આપણે સિંધુદુર્ગ જેવા કેટલાય કિલ્લા બનાવ્યા. ભારતનું દરિયાઈ સામર્થ્ય હજારો વર્ષ જૂનું છે. ગુજરાતના લોથલમાં મળેલી સિંધુ ઘાટી સભ્યતાનું બંદર આજે આપણી બહુ મોટી વિરાસત છે.* - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

સામર્થ્યની તાકાત પર, દક્ષિણ પૂર્વ એશિયાના કેટલાય દેશો સુધી પોતાનો વેપાર ફેલાવ્યો. એવામાં જ્યારે વિદેશી તાકાતોએ ભારત પર હુમલો કર્યો, ત્યારે સૌથી પહેલા આ શક્તિને જ નિશાન બનાવી. હોડીઓ અને જહાજ બનાવવા માટે મશહૂર ભારતની કળા, કૌશલ્ય બધું જ ઠપ્પ કરી દીધું. આનાથી ભારતે સમુદ્ર પર પોતાનું નિયંત્રણ અને વ્યૂહાત્મક -આર્થિક શક્તિ ખોઈ દીધી. એવામાં આજે જ્યારે ભારત વિકસિત થવાનું લક્ષ્ય લઈ આગળ વધી રહ્યું છે, ત્યારે તે પોતાના ગુમાવી દીધેલા ગૌરવને ફરી હાંસલ કરવાની દિશામાં ઝડપથી કદમ વધારી રહ્યું છે. આજે કેન્દ્ર સરકાર દરિયાઈ અને એની સાથે જોડાયેલા દરેક ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરી કામ કરી રહી છે. આજે ભારત બ્લ્યુ ઈકોનોમીને અભૂતપૂર્વ પ્રોત્સાહન આપી રહ્યું છે. ભારત 'સાગરમાલા' અંતર્ગત પોર્ટ લેન્ડ ડેવલપમેન્ટમાં જોડાયેલું છે અને "મેરીટાઈમ વિઝન" અંતર્ગત પોતાના સમુદ્રોના પુરા સામર્થ્યનો ઉપયોગ કરવા તરફ ઝડપી ગતિએ આગળ વધી



# દરિયાઈ ઈકોનોમી

## દરિયાઈ માર્ગથી ભારતની આર્થિક શક્તિનો પ્રવાહ

**ભારતની આર્થિક શક્તિનો પ્રવાહ સમુદ્રમાંથી વહે છે. ભારતના વેપારનો લગભગ 95 ટકા જથ્થાની દ્રષ્ટિએ અને લગભગ 70 ટકા મૂલ્યની દ્રષ્ટિએ દરિયાઈ માર્ગો દ્વારા થાય છે.**

દેશના જીડીપીના લગભગ **60%** દરિયાકાંઠાના રાજ્યોમાંથી આવે છે

એટલું જ નહીં લગભગ 8 કરોડ લોકો પોતાની આજીવિકા માટે દરિયા પર નિર્ભર છે.

લગભગ **10%** દરિયાઈ વેપારનું નિયંત્રણ ભારત દ્વારા થાય છે.

**2047** સુધી તેને ત્રણ ગણો કરવાનું લક્ષ્ય છે.

**ભારત વિશ્વનો બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે, જે વૈશ્વિક ઉત્પાદનનો 8% હિસ્સો ધરાવે છે.**

ભારતનું મત્સ્યપાલન ક્ષેત્ર લગભગ ત્રણ કરોડ લોકોની આજીવિકાનું સાધન છે અને નિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.



> **કાર્યક્ષમતાની સાથે સાથે કનેક્ટિવિટી વધારવાની દિશામાં ઘણું કામ થઈ રહ્યું છે. અમે આપણા બંદરોને દરિયાઈ કાંઠાના આર્થિક ક્ષેત્રો, બંદર આધારિત સ્માર્ટ સિટી તથા ઔદ્યોગિક પાર્કો સાથે એકીકૃત કરી રહ્યા છીએ. આનાથી ઔદ્યોગિક રોકાણ વધશે અને બંદરો નજીક વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

રહ્યું છે. માટે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાલમાં જ કહ્યું હતું "ભારતનો એક સમૃદ્ધ દરિયાઈ વારસો છે. આપણા માછીમારો, આપણા પ્રાચીન બંદરો સિટી, આ ધરોહરનું પ્રતિક છે. ભાવનગર, સૌરાષ્ટ્ર આનું એક ખૂબ મોટું ઉદાહરણ છે. આ વારસાને ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવા અને દુનિયાને સામર્થ્ય બતાવવા માટે લોથલમાં એક શાનદાર મેરીટાઈમ સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યું છે. આ દુનિયાનું સૌથી મોટું મેરીટાઈમ સંગ્રહાલય હશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ આ ભારતની નવી ઓળખ બનશે."

### દરેક ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ તરફ અગ્રેસર

નવું ભારત જે લક્ષ્ય નક્કી કરે છે તેને હવે સમયથી પહેલા જ પૂર્ણ કરીને પણ બતાવે છે. પોર્ટ લેન્ડ ડેવલપમેન્ટ અંગે 11 વર્ષ પહેલાં જે લક્ષ્ય નક્કી કરાયા હતા, ભારત તેમાં જબરદસ્ત સફળતા હાંસલ કરી રહ્યું છે. દેશમાં મોટા મોટા જહાજો માટે મોટા બંદરો બની રહ્યા છે, સાગર માલા જેવી યોજનાઓથી બંદરોના જોડાણ વધી રહ્યા છે. છેલ્લા 11 વર્ષમાં ભારતે પોતાની ક્ષમતા બમણી કરી છે. 2014થી પહેલા ભારતમાં શીપ ટર્ન અરાઉન્ડ ટાઈમ સરેરાશ બે

# મેરીટાઇમ વિઝન

## ભવિષ્યના ભારતનું મેરીટાઇમ વિઝન

*ભારત પોતાને વૈશ્વિક દરિયાઈ શક્તિના રૂપમાં સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે સતત સાહસિક પગલા ઉઠાવી રહ્યું છે. આ સંદર્ભે 2030 સુધી ભારત દરિયામાં કેટલી મજબૂતાઈથી ઉભું હશે, આ વિઝન પર કામ શરૂ કરાયું છે. તો 2047નું વિકસિત ભારત દરિયાઈ શક્તિમાં કેટલું મજબૂત હશે તેનું પણ વિઝન તૈયાર કરી તેના પર શરૂ કરાયું છે કામ....*



### મેરીટાઇમ ઈન્ડિયા વિઝન (એમઆઈવી) 2030

**ભારતના દરિયાઈ ક્ષેત્રના સમગ્ર વિકાસ માટે મેરીટાઇમ ઈન્ડિયા વિઝન 2030 એક વ્યાપક માળખું પ્રદાન કરે છે. તેમાં બંદર, શિપિંગ અને જળમાર્ગ સામેલ છે. એમઆઈવી 2030માં, 150 પહેલોની રૂપરેખા આપવામાં આવી છે, તેનો ઉદ્દેશ્ય ભારતને વૈશ્વિક દરિયાઈ નેતૃત્વ તરફ અગ્રેસર કરવાનો છે.**

### મેરીટાઇમ અમૃત કાલ વિઝન 2047

**ભારત ન માત્ર પોતાની વ્યવસાયિક જરૂરિયાતોને પૂર્ણ કરવા તૈયાર છે, પરંતુ એક દરિયાઇ નેતાના રૂપે ઉભરી આવવા પણ તત્પર છે. આના આધારે મેરીટાઇમ અમૃત કાલ 2047માં ભારતના દરિયાઇ પુનરુત્થાન માટે એક દીર્ઘકાલીન રોડમેપ તૈયાર કરાયો છે. તેમાં બંદર, શિપિંગ, આંતરદેશીય જળમાર્ગો, જહાજ નિર્માણ અને હરિત શિપિંગ પહેલો માટે લગભગ 80 લાખ કરોડ રૂપિયાના રોકાણ નિર્ધારિત કરવામાં આવ્યા છે. વર્ષ 2047 સુધી આ ક્ષેત્રમાં 1.5 કરોડ નોકરીઓના સર્જન તરફ વધી રહ્યું છે ભારત....**



> ***આજે દરિયાઈ માર્ગે થઈ રહેલા ટ્રેડમાં ભારતનો હિસ્સો ફક્ત 10% છે. આપણે તેને હજૂ વધારવાનો છે. આપણે 2047 સુધીમાં દુનિયાના દરિયાઈ વેપારમાં આપણી હિસ્સેદારીને લગભગ ત્રણ ગણી વધારવા ઈચ્છીએ છીએ અને આપણે તે કરીને બતાવીશું.***
>
> *- નરેન્દ્ર મોદી,* **પ્રધાનમંત્રી**

દિવસ હતો. હવે ભારતમાં શીપ ટર્ન અરાઉન્ડ ટાઈમ એક દિવસથી ઓછો એટલે કે લગભગ 60% ઓછો થઈ ગયો છે. દેશમાં નવા અને મોટા બંદરોનું નિર્માણ પણ થઈ રહ્યું છે. હાલમાં જ કેરલમમાં દેશનું પહેલું ડીપ વોટર કન્ટેનર ટ્રાન્સ- શીપમેન્ટ પોર્ટ શરૂ કરાયું છે. 75 હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે મહારાષ્ટ્રમાં વાઢવણ પોર્ટ બની રહ્યું છે. આ દુનિયાના ટોચના દસ પોર્ટ પૈકીનું એક હશે.

આજે દરિયાઈ માર્ગે થઈ રહેલા ટ્રેડમાં ભારતનો હિસ્સો માત્ર 10 ટકા છે. વર્ષ 2047 સુધી દુનિયાના દરિયાઈ વેપારમાં ભારત પોતાની હિસ્સેદારીને લગભગ ત્રણ ગણી વધારવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે. ભારત 2047 સુધીમાં આઠ ટ્રિલિયન રૂપિયાના યોજનાબદ્ધ રોકાણ અને 1.5 કરોડ

## દરિયાઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર

# ભારતની મજબૂત થઇ રહેલી દરિયાઇ શક્તિ

*ભારતનું ભવિષ્ય દરિયા સાથે અવિભાજ્ય રૂપે જોડાયેલું છે. આજ કારણ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમૃદ્ધ વારસો અને દરિયાઇ સામર્થ્યને મજબૂત કરવા માટે આ ક્ષેત્રના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા પર સતત ભાર આપી રહ્યા છે. ભારતમાં દરિયાઇ ક્ષેત્રના સુધારા, જહાજ નિર્માણ અને હરિત શિપિંગમાં આપી રહ્યા છે નક્કર પરિણામ...*



**₹ 69,725 કરોડના** વ્યાપક પેકેજને જહાજ નિર્માણ તથા દરિયાઇ ઇકો સિસ્ટમને પુનર્જીવિત કરવા માટે કેબિનેટે મંજૂરી આપી.

આ પેકેજ અંતર્ગત જહાજ નિર્માણ નાણાકીય સહાયતા યોજના (એસડીએફએએસ)ને 31 માર્ચ 2036 સુધી લંબાવવામાં આવી છે.

### શિપિંગ

**ભારતીય જહાજોની ક્ષમતા (ગ્રોસ ટનનેજ) 35% વધી (ક્ષમતા મિલિયન જીટીમાં)**




**ભારતીય ધ્વજ વાળા જહાજ/વેસલ્સ**




**174% વધ્યા જહાજ પર કામ કરતા કર્મચારી (સી ફેરર્સ)**




**દરિયાઇ ક્ષેત્રમાં મહિલા નાવિકોની સંખ્યા**







નોકરીઓના સર્જન સાથે દરિયાઇ ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ તરફ અગ્રેસર છે. જેમ જેમ ભારતનો દરિયાઇ વેપાર વધી રહ્યો છે, સી-ફેરર્સની સંખ્યા પણ વધી રહી છે. આ એ મહેનતુ પ્રોફેશનલ છે, જે દરિયામાં જહાજ ચલાવે છે, એન્જિન અને મશીનરી સંભાળે છે અને લોડીંગ અને અનલોડિંગનું કામ જોવે છે. એક દશક પહેલા સી-ફેરર્સ સવા લાખથી પણ ઓછા હતા પરંતુ આજે તેમની સંખ્યા ત્રણ લાખને પાર થઇ ચૂકી છે. આજે ભારત દુનિયાના ટોપ-3 દેશોમાં આવી ગયો છે, જે સૌથી વધુ સી-ફેરર્સ દુનિયાને ઉપલબ્ધ કરાવે છે. આનાથી ભારતના યુવાઓને રોજગારના અવસર મળ્યા છે. ક્યારેક




ઉપેક્ષિત રહેલું આ ક્ષેત્ર આજે વિકસિત ભારતનો પાયો બની રહ્યું છે. તમિલનાડુ અને દક્ષિણ ભારતને આનો સૌથી વધુ લાભ મળી રહ્યો છે. તમિલનાડુ પાસે ત્રણ મોટા અને એક ડઝનથી વધુ નાના બંદરો પણ છે દક્ષિણ ના લગભગ તમામ રાજ્ય કોસ્ટલ લાઈનની અસીમ સંભાવનાઓ સાથે જોડાયેલા છે. મેરીટાઈમ ક્ષેત્ર અને જળમાર્ગ ક્ષેત્રના વિકાસનો સીધો મતલબ છે, તમિલનાડુ જેવા રાજ્યનો વિકાસ.

વિશ્વ બેંકના લોજિસ્ટિક પર્ફોમન્સ ઈન્ડેક્સ (એલપીઆઈ) 2023 અનુસાર ભારત આંતરરાષ્ટ્રીય શીપમેન્ટ શ્રેણીમાં વૈશ્વિક રેન્કિંગમાં 22માં સ્થાન પર અને લોજિસ્ટિક પર્ફોમન્સ ઈન્ડેક્સ સ્કોરમાં કુલ મળીને 38માં સ્થાન પર પહોંચી ગયું છે. પોર્ટ ક્ષમતા છેલ્લા એક દશકમાં બમણી થઈ છે. રાષ્ટ્રીય જળમાર્ગોમાં 8 ગણો વધારો થયો છે. ભારતમાં ક્રૂઝ યાત્રીઓની સંખ્યામાં પણ ચાર ગણી વૃદ્ધિ થઈ છે તથા સી-ફેરર્સની સંખ્યા પણ બમણી થઈ ચૂકી છે.

એટલું જ નહીં, 'મહાસાગર મેરીટાઈમ વિઝન' પર ઝડપથી કામ થઈ



# સાગર માલા કાર્યક્રમ

સાગરમાલા કાર્યક્રમ અંતર્ગત 839 પરિયોજનાઓની ઓળખ કરાઈ, જેનો અંદાજિત ખર્ચ લગભગ 5.7 લાખ કરોડ રૂપિયા છે. 119 પરિયોજનાઓ જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) મોડેલના માધ્યમથી કાર્યાન્વિત કરાઈ રહી છે.

**280** પરિયોજના થઈ ચૂકી છે પૂર્ણ

**1.42** લાખ કરોડ રૂપિયાનું થયું છે રોકાણ

- 1.62 લાખ કરોડ રૂપિયાની 209 પરિયોજનાઓની કામગીરી ચાલી રહી છે જ્યારે 2.75 લાખ કરોડ રૂપિયાની 353 પરિયોજનાઓ વિકાસના વિવિધ તબક્કામાં છે.
- બંદર આધુનિકીકરણ સાથે જોડાયેલી 35,423 કરોડ રૂપિયાની 106 પર યોજનાઓ પૂર્ણ કરાઈ છે.
- બંદર કનેક્ટિવિટી (માર્ગ અને રેલ્વે) સંબંધિત 58,628 કરોડ રૂપિયાની 96 યોજનાઓ પૂર્ણ થઈ છે.
- બંદર ઔદ્યોગિકીકરણની 45,865 કરોડ રૂપિયાની 9 પરિયોજનાઓ પૂર્ણ થઈ, જેના દ્વારા 8,000 એકરથી વધુ જમીનનું ઔદ્યોગિકીકરણ થયું.
- 11,573 કરોડ રૂપિયાના ખર્ચે દરિયાકાંઠાના સામુદાયિક વિકાસની 81 પરિયોજનાઓ શરૂ કરાઈ. જેમાં લગભગ 2,000 કરોડ રૂપિયાની 23 યોજનાઓ પૂર્ણ થઈ ચૂકી છે.
- માછલી પકડતા બંદરો (ફિશિંગ હાર્બર)થી જોડાયેલી 1,078 કરોડ રૂપિયાની 12 પરિયોજનાઓ પૂર્ણ થઈ, જેનો 35,000થી વધુ માછીમારોને લાભ મળ્યો.

> *શિપિંગ સેક્ટરમાં હ્યુમન રિસોર્સીસમાં ભારત પોતાનો ધ્વજ લહેરાવી રહ્યો છે. ભારતના સી-ફેરર્સની સંખ્યા છેલ્લા એક દાયકામાં સવા લાખથી વધી 3 લાખથી વધુ થઈ ગઈ છે. તમે દુનિયાના કોઈપણ દરિયા કિનારા પર જશો તો કોઈને કોઈ શિપ હશે, જ્યાં કોઈને કોઈ ભારતીય સી-ફેરર્સ તમને મળશે. આજે ભારત સી-ફેરર્સની સંખ્યાના મામલે દુનિયાના ટોચના ત્રણ દેશોમાં આવી ચૂક્યું છે.-*
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

- શહેરી જળ પરિવહન સંબંધિત 640 કરોડ રૂપિયાની 18 પરિયોજના પૂર્ણ થઈ, જેના કારણે રોડ અને રેલ્વે ટ્રાફિક પર દબાણ ઓછું થયું.
- 430 કરોડ રૂપિયાના રોકાણથી 6 સમર્પિત તટીય બર્થનું નિર્માણ કરવામાં આવ્યું.

### કેપેક્સ એટલે કે મૂડી ખર્ચમાં 228% નો વધારો

| | |
|---|---|
| 2013-14 | 3,233 કરોડ રૂપિયા |
| 2024-25 | 10,600 કરોડ રૂપિયા |



# દેશના મુખ્ય બંદરો

મેપ પ્રતિકાત્મક




**12** મોટા બંદર સરકારી માલિકીના છે

**217** નાના અને મધ્યવર્તી બંદરો

## નૌકાદળનું બજેટ

**49,623** કરોડ રૂપિયા — 2020-21

**1,03,548** કરોડ રૂપિયા — 2025-26






# વધી રહ્યું છે વ્યૂહાત્મક મહત્વ

### આઈએનએસ વિક્રાંત

ભારતનું પહેલું સ્વદેશી વિમાનવાહક જહાજ, 2 સપ્ટેમ્બર 2022ના રોજ ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2025ની દિવાળી આઈએનએસ વિક્રાંત પર ઉજવી.

**90,000** કરોડ રૂપિયાના ખર્ચે દેશમાં 51 મોટા જહાજોનું નિર્માણ ચાલી રહ્યું છે.

- 100માં અને 101માં સ્વદેશી યુદ્ધજહાજ આઈએનએસ ઉદયગિરી અને આઈએનએસ હિમગિરી નૌકાદળમાં સામેલ.
- ભારતીય શિપયાર્ડે વર્ષ 2014થી નૌકાદળને 40થી વધુ સ્વદેશી યુદ્ધ જહાજ અને સબમરીન સોંપી છે. છેલ્લા એક વર્ષમાં સરેરાશ દર 40 દિવસોમાં એક નવું જહાજ સામેલ કરાયું છે.



- સંરક્ષણ ખર્ચમાં નૌકાદળનો હિસ્સો 15% થી વધી 21% થયો છે.
- 27 ફેબ્રુઆરી 2026એ આઈએનએસ અંજદીપ પણ નૌકાદળમાં સામેલ.
- વર્ષ 2025માં બે અત્યાધુનિક ફ્રન્ટ લાઈન ફ્રીગેટ ઉદયગિરી (એફ 35) અને હિમગિરી (એફ 34) એક સાથે નૌકાદળમાં સામેલ. આવું પહેલી વાર થયું જ્યારે બે મુખ્ય સપાટી જહાજો એક સાથે સામેલ કરવામાં આવ્યા.

રહ્યું છે. ભારત આજે ધરતીના કોઈપણ ખૂણે માનવીય મદદ માટે હાજર રહે છે. આફ્રિકાથી લઈ સાઉથ ઈસ્ટ એશિયા સુધી આફત સમયે દુનિયા ભારતને વિશ્વબંધુના રૂપમાં જોવે છે. 2014માં પાડોશી દેશ માલદીવમાં પાણીનું સંકટ સર્જાયું. ભારતે ઓપરેશન નીર ચલાવ્યું અને નૌકાદળ સ્વચ્છ પાણી લઈને માલદીવ પહોંચ્યા. 2017માં શ્રીલંકા વિનાશક પૂરનો ભોગ બન્યું ત્યારે ભારતે સૌથી પહેલા મદદ માટે હાથ લંબાવ્યો. 2018માં ઈન્ડોનેશિયામાં સુનામીથી તબાહી વખતે ભારત રાહત બચાવ કાર્યોમાં ઈન્ડોનેશિયાના લોકો સાથે ખભાથી ખભો મિલાવી ઉભું રહ્યું. એવી જ રીતે મ્યાનમારમાં ભૂકંપનો વિનાશ કે પછી 2019માં મોઝામ્બિક અને 2020માં મેડાગાસ્કરનું સંકટ હોય, ભારત દરેક જગ્યાએ સેવાભાવ સાથે પહોંચ્યું. કોવિડના સમયે પણ જળ માર્ગો દ્વારા

# સશક્ત પહેલ

# દરિયાઈ શક્તિને મજબૂતી આપતી પહેલ

લોથલ સંગ્રહાલય



## દરિયાઈ વારસાની ઝલક

ગુજરાતના લોથલમાં ભારત અને નેધરલેન્ડે દરિયાઈ વારસાને મજબૂત કરવા તથા દરિયાઈ સંગ્રહાલય બનાવવા માટે સમજૂતી કરાર કર્યા છે. આ કરાર, ભારતના 4,500 વર્ષ જૂના સમૃદ્ધ દરિયાઈ વારસાને વૈશ્વિક મંચ પર લઈ જવાનું ઐતિહાસિક પગલું છે. પીએમ મોદીએ કહ્યું કે કાર્ય પૂર્ણ થયા બાદ આ દુનિયાનું સૌથી મોટું દરિયાઈ સંગ્રહાલય હશે. તે ભારતની પ્રાચીન દરિયાઈ પરંપરાઓને પ્રદર્શિત કરશે અને પર્યટન, સંશોધન, શિક્ષા અને કૌશલ્ય વિકાસનું કેન્દ્ર પણ બનશે.

## મેરીટાઇમ યુનિવર્સિટી

ભારતીય દરિયાઈ વિશ્વવિદ્યાલય (આઈએમયુ) એક કેન્દ્રીય વિશ્વવિદ્યાલય છે જેનું મુખ્ય મથક ચેન્નાઈમાં છે. આઈએમયુના ચેન્નાઈ, કોલકાત્તા, વિશાખાપટ્ટનમ, કોચી, મુંબઈ પોર્ટ અને નવી મુંબઈમાં છ પરિસર છે. એના 17 સંલગ્ન સંસ્થાનો પણ છે. 8 એપ્રિલ 2025ના રોજ કેન્દ્રીય પોર્ટ શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે દેશભરમાં છ આઈએમયુ પરિસરોમાં 67.77 કરોડ રૂપિયાના ખર્ચ સાથેની 26 પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું.

## સાગર સન્માન પુરસ્કાર

દરિયાઈ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાનને સન્માનિત કરવાના ઉદ્દેશથી સાગર સન્માન પુરસ્કાર આપવામાં આવે છે. સામાન્ય રીતે પ્રતિ વર્ષ 5 એપ્રિલે રાષ્ટ્રીય દરિયાઈ દિવસના અવસરે આ પુરસ્કાર આપવામાં આવે છે. તાજેતરના વર્ષોમાં આ સન્માને વિશેષ મહત્વ મેળવ્યું છે. ભારત સરકારની નીતિગત પહેલ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે "સાગરથી સન્માન" પહેલનો પ્રારંભ કર્યો છે. તેનો ઉદ્દેશ્ય લૈંગિક સમાનતાવાળું દરિયાઈ કાર્યબળ તૈયાર કરવાનો છે.

> **ભારતમાં બનેલા શિપ, ગ્લોબલ ટ્રેડમાં મહત્વપૂર્ણ હિસ્સો ધરાવતા હતા. પછી આપણે શિપ બ્રેકિંગ ક્ષેત્રમાં આગળ વધ્યા. હવે ભારત ફરીથી શિપ મેકિંગ ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ મેળવવા પોતાના પ્રયાસો ઝડપી બનાવી રહ્યું છે. ભારતે, હવે મોટા જહાજોને માળખાકીય સંપતિનો દરજ્જો આપ્યો છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



લોકોને પરત લાવવા ઓપરેશન સમુદ્ર સેતુ ચલાવવામાં આવ્યું. એટલે કે દરિયાઈ સામર્થ્ય રણનૈતિક, વ્યૂહાત્મક જ નહીં પણ માનવતાના હિતોનું મહત્વપૂર્ણ રક્ષક પણ છે.

### નીતિગત પરિવર્તન....

જેથી દરિયા કિનારા બને સમૃદ્ધિના પ્રવેશ દ્વાર દેશના દરેક ક્ષેત્રને મજબૂતી આપવા માટે નીતિગત પરિવર્તનો કરવામાં આવ્યા છે. હવે સરકારે મોટા જહાજોને માળખાકીય સંપત્તિના રૂપે માન્યતા આપી છે. જ્યારે કોઈપણ સેક્ટરને માળખાકીય સંપત્તિના રૂપે માન્યતા મળે છે, તો તેનો લાભ સ્વાભાવિક રૂપે જોવા મળે છે. હવે મોટા શિપ બનાવતી કંપનીઓને બેંકોમાંથી લોન મેળવવામાં સરળતા થઈ છે અને વ્યાજદરમાં પણ છૂટ આપવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગના જેટલા લાભ હોય છે, તે બધા આ જહાજ બનાવતી કંપનીઓને





## ગ્રીન પોર્ટ માર્ગદર્શિકાના મુખ્ય મુદ્દાઓ...

**પ્રતિ ટન કાર્ગોથી કાર્બન એમિશન ઘટાડવાનું લક્ષ્ય**

| | |
|---|---|
| 2030 | 30% |
| 2047 | 70% |

**રીન્યુબલ એનર્જીની હિસ્સેદારી વધારવાનું લક્ષ્ય**

| | |
|---|---|
| 2030 | 60% |
| 2047 | 90% |



- 2025 સુધી, ન્યુ મેંગલોર પોર્ટે 100% સોલર પાવર ઈન્ટીગ્રેશન હાંસલ કરી લીધું છે, જે રીન્યુએબલ એનર્જી અપનાવવા માટેનું એક માપદંડ બની ચૂક્યું છે.
- પર્યાવરણ ગુણવત્તા સુધારવા માટે 2030 સુધી બંદરોનું ગ્રીન કવર 20% થી વધુ અને 2047 સુધી 33% થી વધુ વધારવાનું લક્ષ્ય.
- બંદરોને સુધારેલા સંસાધન વ્યવસ્થાપન દ્વારા 2030 સુધી 100% ગંદા પાણીનો પુનઃ ઉપયોગ અને તાજા પાણીનો વપરાશ 20 ટકાથી વધુ ઓછો કરવાનો લક્ષ્ય.

### પ્રવાસન

**દરિયાઈ ક્રૂઝ યાત્રી 480 ટકા વધ્યા**




**રિવર ક્રૂઝ માટે નક્કી કરાયેલા રાષ્ટ્રીય જળમાર્ગ**




**લાઈટ હાઉસ પર્યટકોની સંખ્યા**

330% નો વધારો




વિશ્વની સૌથી લાંબી રિવર ક્રુઝ ગંગા વિલાસ. આ ક્રુઝે વારાણસીથી દિબ્રુગઢ સુધી ઈન્ડો -બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટના માધ્યમથી **3,200** કિલોમીટરનું અંતર કાપ્યું. વર્ષ 2023માં તેણે પોતાની પહેલી યાત્રા પૂર્ણ કરી.

પણ મળી રહ્યા છે. કેન્દ્ર સરકારના નિર્ણયથી ભારતીય શિપિંગ કંપની ઉપર પડતાં બોજમાં ઘટાડો થયો છે અને તેમને વૈશ્વિક સ્પર્ધા કરવામાં પણ મદદ મળી રહી છે. ભારતને દુનિયાની એક મોટી દરિયાઈ શક્તિ બનાવવા માટે ત્રણ વધુ મોટી યોજના ઉપર કેન્દ્ર સરકાર કામ કરી રહી છે. આ ત્રણ યોજનાઓથી શિપ બિલ્ડિંગ સેક્ટરને આર્થિક મદદ મેળવવામાં સરળતા મળશે. શિપયાર્ડને આધુનિક ટેકનોલોજી અપનાવવામાં અને ડિઝાઈન તથા ગુણવત્તા સુધારવામાં પણ ખૂબ મદદ મળશે. આગામી વર્ષોમાં આના ઉપર 70 હજાર કરોડ રૂપિયાથી પણ વધુ ખર્ચ કરાશે. શિપનું નિર્માણ કોઈ સાધારણ ઈન્ડસ્ટ્રી નથી અને સમગ્ર વિશ્વમાં તેને મધર ઓફ ઓલ ઈન્ડસ્ટ્રીઝ એટલે કે ઉદ્યોગોની જનની કહેવામાં આવે છે. આમાં ફક્ત એક જહાજ નથી બનતું તેની સાથે જે ઉદ્યોગ જોડાયેલા હોય છે, તેનું વિસ્તરણ થાય છે. સ્ટીલ, મશીનરી, ઈલેક્ટ્રોનિક્સ, ટેક્સટાઈલ, પેઈન્ટ્સ, આઈટી સિસ્ટમ જેવા અનેક ઉદ્યોગોને શિપિંગ ઈન્ડસ્ટ્રીથી લાભ થાય છે. આનાથી નાના અને લઘુ ઉદ્યોગોને ફાયદો થાય છે અભ્યાસ દર્શાવે છે કે શિપ નિર્માણમાં થનારા દરેક રૂપિયાના રોકાણથી



# કાનૂની સુધારા

## દરિયાઈ ક્ષેત્રે કાનૂની સુધારાથી વધી ગતિ

**ભારતના દરિયાઈ અને આંતરદેશીય જળ પરિવહન ક્ષેત્રને આધુનિક અને સ્પર્ધાત્મક બનાવવા માટે સરકારે વ્યાપક કાનૂની સુધારા કર્યા છે વિવિધ કાયદાઓ અને વર્ષ 2025 માં સંસદમાં પારિત નવા વિધેયકોના માધ્યમથી આ ક્ષેત્રને મળ્યો છે મજબૂત આધાર....**

### કાયદા

- રાષ્ટ્રીય જળમાર્ગ અધિનિયમ, 2016
- એડમિરલ્ટી (ક્ષેત્ર અધિકાર અને દરિયાઈ દાવાઓનું સમાધાન) અધિનિયમ 2017
- જહાજ રિસાયકલિંગ અમલીકરણ અધિનિયમ, 2019
- મુખ્ય બંદરો સત્તાધિકારી અધિનિયમ, 2021
- આંતરદેશીય જહાજ અધિનિયમ, 2021
- દરિયાઈ પરિવહન સહાયતા અધિનિયમ, 2021

### વર્ષ 2025માં સંસદમાં પારિત કરાયેલા પાંચ નવા બિલ....

- તટીય શિપિંગ બિલ, 2025
- સમુદ્રના માધ્યમથી માલ પરિવહન વિધેયક, 2025
- બિલ ઓફ લેન્ડિંગ બિલ, 2025
- મર્ચન્ટ શિપિંગ બિલ, 2025
- ભારતીય બંદર બિલ, 2025

**આ ક્ષેત્રમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવા માટે લગભગ 50 નિયમો, નીતિઓ અને માર્ગદર્શિકા લાગુ કરાઈ છે.**

> **આ ધરતી છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ છે. છત્રપતિ શિવાજી મહારાજે માત્ર દરિયાઈ સુરક્ષાનો પાયો જ નથી મૂક્યો, પણ અરબ સાગરના ટ્રેડ રૂટ્સ પર ભારતીય સામર્થ્યનો ધ્વજ પણ લહેરાવ્યો હતો. એમના વિઝને આપણને બતાવ્યું કે સમુદ્ર માત્ર સીમાઓ નથી અવસરોનું પ્રવેશદ્વાર પણ હોય છે. આજે ભારત, એ વિચાર સાથે જ આગળ વધી રહ્યું છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

અર્થવ્યવસ્થામાં લગભગ બે ગણું રોકાણ વધે છે. શિપયાર્ડમાં પેદા થતી દરેક નોકરી રોજગાર સપ્લાય ચેનમાં 6 થી 7 નવી નોકરીઓ બનાવે છે. અર્થાત જો શિપ બિલ્ડીંગ ઈન્ડસ્ટ્રીમાં 100 નોકરીનું સર્જન થાય છે, તો એની સાથે જોડાયેલા બીજા સેક્ટરમાં 600થી વધુ નોકરીઓનું સર્જન થાય છે. આ ક્ષેત્ર એક મોટો મલ્ટી-પ્લાયર પ્રભાવ ઊભો કરે છે.

જ્યારે દેશની આઝાદીને 100 વર્ષ પૂર્ણ થશે એટલે કે 2047 સુધી ભારતે જો વિકસિત થવું હશે તો તેને આત્મનિર્ભર થવું જ પડશે. આત્મનિર્ભર થવા સિવાય ભારત પાસે કોઈ બીજો વિકલ્પ નથી. 140 કરોડ દેશવાસીઓનો એક જ સંકલ્પ બની ગયો છે કે ચિપ હોય કે શિપ, આપણે ભારતમાં જ બનાવીશું. આ વિચાર સાથે આજે ભારતનું મેરીટાઈમ સેક્ટર પણ નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ કરી રહ્યું છે. આજે દેશના દરેક મહત્વપૂર્ણ બંદરને જુદા જુદા દસ્તાવેજો, અલગ અલગ પ્રક્રિયાઓથી મુક્તિ મળી રહી છે વન નેશન, વન ડોક્યુમેન્ટ અને વન નેશન, વન પોર્ટ પ્રોસેસ, હવે

# ભારતનું રેન્કિંગ

## બંદર અને લોજિસ્ટિક્સમાં સુધર્યું ભારતનું રેન્કિંગ

*છેલ્લા કેટલાક વર્ષોમાં પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ લોજિસ્ટિક્સ અને સંચાલન ક્ષમતામાં સુધારાને કારણે વૈશ્વિક મંચ પર ભારતની સ્થિતિ મજબૂત થઈ છે. વિશ્વ બેંકના કન્ટેનર પોર્ટ પ્રદર્શન સૂચકાંક - "લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ"માં ભારતીય બંદરોની સુધરેલી રેન્કિંગ આ પરિવર્તનની કરે છે પુષ્ટિ....*



### પોર્ટ

- વર્ષ 2023-24માં પહેલીવાર વિશ્વ બેંકના કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (સીપીપીપીઆઈ) અનુસાર દુનિયાના ટોચના 30 બંદરોમાં બે ભારતીય બંદરો સામેલ થયા.
- વિશ્વ બેંકના લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં આંતરરાષ્ટ્રીય શિપમેન્ટ શ્રેણીમાં ભારતનું રેન્કિંગ 2013-14 માં 44માં સ્થાનથી સુધરીને 2024-25માં 22માં સ્થાન પર પહોંચી ગયું.

> **દેશના મેરીટાઈમ સેક્ટરને નવી ઊંચાઈ આપવામાં પ્રાઈવેટ સેક્ટરનું પણ મહત્વપૂર્ણ યોગદાન છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત છેલ્લા 10 વર્ષોમાં હજારો કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. આ ભાગીદારીથી આપણા પોર્ટ, ગ્લોબલ સ્ટાન્ડર્ડ મુજબ અપગ્રેડ જ નથી થયા, પરંતુ તેઓ ફ્યુચર રેડી પણ બન્યા છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



વેપાર-કારોબારને વધુ સરળ બનાવી રહ્યા છે. આ માટે અંગ્રેજોના સમયથી ચાલ્યા આવતા કાયદાઓને બદલવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે મેરીટાઈમ સેક્ટરમાં સુધારો કરતા પાંચ મેરીટાઈમ કાયદાને નવા અવતારમાં દેશ સમક્ષ મૂક્યા છે. આ કાયદાઓથી શિપિંગ સેક્ટરમાં, પોર્ટ ગવર્નન્સમાં એક ખૂબ મોટું પરિવર્તન આવી રહ્યું છે. નિઃસંદેહ ભારત સદીઓથી મોટા-મોટા જહાજ બનાવવામાં નિપૂણ રહ્યું છે. નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ દેશના આ વિસરાયેલા ગૌરવને ફરી પરત લાવવામાં મદદ કરશે. છેલ્લા દાયકામાં 40થી વધુ શિપ અને સબમરીન, નૌકાદળમાં સામેલ થઈ છે. એમાંથી એક-બેને બાદ કરતા તમામ ભારતમાં જ બનાવાઈ છે. વિશાળ આઈએનએસ-વિક્રાંત પણ ભારતમાં જ બન્યું છે, તેના નિર્માણમાં જે હાઈક્વોલિટી સ્ટીલનો ઉપયોગ કરાયો, તે પણ ભારતમાં જ બન્યું છે. એટલે કે નીતિગત પરિવર્તનથી આજે ભારતનું નેતૃત્વ ભારતના સામર્થ્ય અને કૌશલ્યને રાજનૈતિક ઈચ્છાશક્તિ અને મજબૂત ભરોસો આપી રહ્યું છે, જેથી ભારતના દરિયા કિનારા, દેશની સમૃદ્ધિનું પ્રવેશ દ્વાર બનીને ઉભરે.

### નવી પહેલ દ્વારા મુખ્ય દરિયાઈ શક્તિ બની રહ્યું છે ભારત

21મી સદીના ભારતનું સૈન્ય સામર્થ્ય પણ વધુ સક્ષમ હોય, આધુનિક હોય એ દેશની પ્રાથમિકતાઓમાંની એક છે. જળ હોય, ભૂમિ હોય, આકાશ હોય, ડીપ-સી હોય કે પછી અફાટ અવકાશ દરેક જગ્યાએ ભારત પોતાના હિતોને સુરક્ષિત કરી રહ્યું છે. તે માટે સતત સુધારા કરાઈ રહ્યા છે. ઘણા



ભારત 2047 સુધીમાં આઠ ટ્રિલિયન રૂપિયાના યોજનાબદ્ધ રોકાણ અને 1.5 કરોડ નોકરીઓના સર્જન સાથે દરિયાઈ ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ તરફ અગ્રેસર છે. આપણો દરિયાઈ અમૃત કાળ દ્રષ્ટિકોણ, સમૃદ્ધિ, સ્થિરતા અને આપણા દરિયાઈ વારસા પર ગર્વ કરવાની ભાવના પર આધારિત છે, જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત 2047ના વિઝનને અનુરૂપ છે.

-સર્બાનંદ સોનોવાલ,
કેન્દ્રીય શિપિંગ જહાજ પરિવહન અને જળ માર્ગ મંત્રી



લાંબા સમય સુધી સરહદ અને દરિયાકાંઠાથી જોડાયેલા કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન અપાયું ન હતું. ગત દસ વર્ષોમાં આ માટે પણ અભૂતપૂર્વ કામગીરી કરાઈ છે. ગત દસ વર્ષોમાં પોતાના દૂર-સુદૂરના આઈલેન્ડ પર પણ ભારતે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જ્યાં કોઈપણ રહેતું ન હોય, તેવા આઈલેન્ડ પર પણ સતત દેખરેખ રખાઈ રહી છે, એટલું જ નહીં હવે તેવા આઈલેન્ડની નવી ઓળખ પણ બનાવાઈ રહી છે, તેમને નવા નામ પણ અપાઈ રહ્યા છે. હિંદ મહાસાગરમાં સમુદ્ર તળ પર પણ જે સમુદ્રી પર્વત અથવા સી-માઉન્ટ છે, તેમનું પણ નામકરણ કરાઈ રહ્યું છે. વર્ષ 2024માં ભારતની પહેલ પર ઈન્ટરનેશનલ સંસ્થાએ પાંચ આવા સ્થળોને નામ આપ્યા છે. હિંદ મહાસાગરમાં અશોક સી-માઉન્ટ, હર્ષવર્ધન સી-માઉન્ટ, રાજરાજા ચોલ સી-માઉન્ટ, કલ્પતરૂ રિજ અને ચંદ્રગુપ્ત રિજ ભારતનું ગૌરવ વધારી રહ્યા છે.

દેશના મેરીટાઈમ સેક્ટરને નવી ઊંચાઈઓ આપવામાં પ્રાઈવેટ સેક્ટરનું પણ મહત્વપૂર્ણ યોગદાન છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત છેલ્લા દસ અગિયાર વર્ષોમાં હજારો કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. આ ભાગીદારીથી પોર્ટ્સ ગ્લોબલ સ્ટાન્ડર્ડ માત્ર અપગ્રેડ નથી થયા, પરંતુ તે ફ્યુચર રેડી પણ બન્યા છે. પ્રાઈવેટ સેક્ટરની ભાગીદારીથી ઈનોવેશન અને ક્ષમતા બંનેને પ્રોત્સાહન મળ્યું છે.

ચોક્કસપણે, ભારત પાસે એક લાંબો દરિયાકિનારો છે. વૈશ્વિક વેપાર માર્ગ છે, વિશ્વસ્તરીય પોર્ટ છે, બ્લુ ઈકોનોમી માટે એક મોટું અને મહત્વાકાંક્ષી વિઝન છે. ભારત પાસે આજે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન અને સ્પષ્ટ ઈરાદા છે. આ ક્ષેત્રને નવી ઈકો સિસ્ટમથી નવી ઉડાન મળી રહી છે અને દુનિયા ભારતની પુનઃસમૃદ્ધ થઈ રહેલી દરિયાઈ વિકાસ યાત્રામાં સહભાગી બની રહી છે. ■





# જળ જીવન મિશન 2.0

## 3 મુખ્ય કનેક્ટિવિટી પરિયોજનાઓને પણ મંજૂરી

*લોકકલ્યાણ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનું પરિણામ છે કે કેન્દ્રીય મંત્રીમંડળે જળ જીવન મિશન 2.0 મંજૂરી આપી છે. આ નિર્ણયથી ગ્રામીણ પરિવારો સુધી પીવાનું સ્વચ્છ પાણી નળથી તો પહોંચાડાશે જ, સાથે જ જળનું વ્યવસ્થાપન વધુ પ્રભાવશાળી બનશે. મંત્રીમંડળે ઘણી અન્ય મહત્વપૂર્ણ દરખાસ્તોને પણ મંજૂરી આપી જેમાં 3 મુખ્ય કનેક્ટિવિટી પરિયોજના.... પશ્ચિમ બંગાળ-ઝારખંડ મલ્ટી ટ્રેકિંગ રેલ પ્રોજેક્ટ, જેવર-દિલ્હી એનસીઆર ગ્રીનફિલ્ડ કોરિડોર તથા ઉજ્જૈનથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે સુધી 4 લેન પ્રોજેક્ટ સામેલ છે. મંજુર પરિયોજનાઓથી આ ક્ષેત્રોમાં રોજગાર પ્રવાસન અને ઉદ્યોગોને મળશે નવી ગતિ....*

**નિર્ણયઃ જળ જીવન મિશનનો સમયગાળો 2028 સુધી લંબાવવાની મંજૂરી. બજેટ વધારીને તેને જેજેએમ 2.0ના રૂપે પુનર્ગઠિત કરવામાં આવશે.**

**પ્રભાવઃ** માળખાકીય સુધારા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા જેજેએમના પુનર્ગઠન માટે કુલ બજેટ વધારીને 8.69 લાખ કરોડ રૂપિયા કરવાની મંજૂરી આપી. આમાં કેન્દ્રીય સહાયતા 3.59 લાખ કરોડ રૂપિયા છે. જે 2019-20માં મંજૂર 2.08 લાખ કરોડ રૂપિયાથી વધુ છે એટલે કે 1.51 લાખ કરોડ રૂપિયાનો વધારાની કેન્દ્રીય હિસ્સેદારી છે.

- મિશનનું પુનર્ગઠન એવી રીતે કરવામાં આવશે કે તેનું ધ્યાન ફક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નહીં પરંતુ લોકો સુધી પીવાનું સાફ પાણી પહોંચાડવાની સેવા પર કેન્દ્રિત રહેશે. તેમાં પીવાના પાણી વ્યવસ્થાપન અને સંસ્થાગત વ્યવસ્થાપનને મજબૂત કરવામાં આવશે.
- સમગ્ર દેશમાં પીવાના પાણીની પુરવઠા પ્રણાલીના સ્ત્રોતથી લઈ નળ સુધી ડિજિટલરૂપે મેપ કરવા માટે 'સુજલામ ભારત' નામનું એક સમાન રાષ્ટ્રીય ડિજિટલ ફ્રેમવર્ક લાગુ કરવામાં આવશે.
- જેજેએમ 2.0 અંતર્ગત ડિસેમ્બર 2028 સુધીમાં દેશભરના તમામ 19.36 કરોડ ગ્રામીણ પરિવારને નળથી જળ કનેક્શન ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- ભારત સરકાર સતત વિકાસ લક્ષ્ય 6.1 અંતર્ગત 2030 સુધી સૌ માટે સુરક્ષિત અને વાજબી પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાના લક્ષ્ય તરફ આગળ વધી રહી છે.

**નિર્ણયઃ મધ્યપ્રદેશમાં દિલ્હી મુંબઈ-એક્સપ્રેસ વે (એનએચ 752 ડી)ના બદનાવર-પેટલાવદ- થંદલા-તિમારવાની સેક્શનના 4 લેન નિર્માણને હાઈબ્રીડ ઈન્યુઈટી મોડ પર 3,839.42 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણને મંજૂરી.**

**પ્રભાવઃ** મંજૂર કોરિડોર ઉજ્જૈનને દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે (ડીએમઈ) પર તિમારવાની ઈન્ટરચેન્જથી જોડશે. પ્રસ્તાવિત કોરિડોરનો પ્રાથમિક ઉદ્દેશ્ય કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે. યાત્રા સમયમાં લગભગ એક કલાકનો ઘટાડો થશે. પ્રસ્તાવિત પરિયોજના હાઈસ્પીડ કનેક્ટિવિટી પ્રદાન કરશે. તેને સલામત અને સરળ ટ્રાફિક પ્રવાહ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આનાથી ભીડ અને સંચાલન ખર્ચમાં પણ ઘટાડો થશે. આ પરિયોજના ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓને મજબૂત બનાવશે. આનાથી મધ્યપ્રદેશના ધાર અને જાબુંવાના એકંદર આર્થિક વિકાસને વધુ વેગ મળશે.

**નિર્ણયઃ જેવર આંતરરાષ્ટ્રીય હવાઈમથક સુધી નવા રોડના નિર્માણ માટે સુધારેલા ખર્ચને મંજૂરી.**

**પ્રભાવઃ** ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં હાઈબ્રીડ વાર્ષિક આધાર પર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના દિલ્હી-ફરીદાબાદ-વલ્લભગઢ-સોહના બાયપાસથી જેવર આંતરરાષ્ટ્રીય હવાઈ મથક સુધી નવા રસ્તાના નિર્માણ માટે 36,307.77 કરોડ રૂપિયાના સુધારેલા ખર્ચને મંજૂરી અપાઈ છે. 31.42 કિલોમીટર લાંબો આ કોરિડોર દક્ષિણ દિલ્હી-ફરીદાબાદ અને ગુરુગ્રામથી જેવર આંતરાષ્ટ્રીય હવાઈ મથક સુધી સીધો અને હાઈસ્પીડ સંપર્ક માર્ગ હશે જેનાથી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં આર્થિક વિકાસ અને કાર્યકારી ક્ષમતાને પ્રોત્સાહન મળશે. આ કોરિડોર ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે, યમુના એક્સપ્રેસ વે અને ડેડીકેટેડ ગ્રેટ કોરિડોર સાથે જોડાશે. આ કોરિડોર માળખાકીય સુધારણા, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિવર્તન, પ્રાદેશિક જોડાણ અને રાષ્ટ્રીય પરિવહન ક્ષમતાનું મહત્વપૂર્ણ સાધન બનશે.




**નિર્ણયઃ પશ્ચિમ બંગાળ અને ઝારખંડના પાંચ જિલ્લાઓને સામેલ કરતી બે મલ્ટી ટ્રેકિંગ પરિયોજનાને મંજૂરી.**

**પ્રભાવઃ** આ પરિયોજનાઓનો કુલ અંદાજિત ખર્ચ 4,474 કરોડ રૂપિયા છે. આ વર્ષ 2030-31 સુધી પૂરી થશે. આ પરિયોજનાઓમાં સામેલ છે- સૈંથિયા-પાકુડ ચોથી લાઈન અને સંતરાગાછી-ખડગપુર ચોથી લાઈન. આનાથી ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં લગભગ 192 કિલોમીટરની વૃદ્ધિ થશે. વધેલી રેલ લાઈન ક્ષમતાથી અવરજવરમાં ઉલ્લેખનીય સુધારો થશે, જેનાથી ભારતીય રેલવેની કાર્યક્ષમતા અને સેવા વિશ્વાસનીયતામાં વૃદ્ધિ થશે. આ મલ્ટી ટ્રેકિંગ પરિયોજનાથી કામગીરીને સુવ્યવસ્થિત કરવામાં અને ભીડ ઘટાડવામાં મદદ મળશે.

**નિર્ણયઃ તમિલનાડુના મદુરાઈ હવાઈ મથકને આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બનાવવાની મંજૂરી.**

**પ્રભાવઃ** મદુરાઈ હવાઈ મથકને આંતરરાષ્ટ્રીય દરજ્જો મળવાથી પ્રાદેશિક સંપર્ક વધશે, વેપારને પ્રોત્સાહન મળશે. પ્રદેશના આર્થિક વિકાસને વેગ મળશે. આંતરરાષ્ટ્રીય તીર્થયાત્રીઓ અને વેપાર માટે હવાઈ મથકની ક્ષમતા શહેરના ઐતિહાસિક મહત્વને અનુરૂપ છે.

**નિર્ણયઃ ભારત સાથે જમીન સરહદ ધરાવતા દેશો દ્વારા રોકાણ માટે માર્ગદર્શિકામાં ફેરફાર કરવાની મંજૂરી.**

**પ્રભાવઃ** મંત્રીમંડળે એફડીઆઈ નીતિમાં ફેરફારની મંજૂરી આપી છે, જેથી પીએન3 અંતર્ગત મંજૂરીની આવશ્યકતા વાળા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રોકાણને સમય મર્યાદા અંદર મંજૂરી મળી શકે. આ સુધારણાનો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ અને ડીપ ટેક માટે વૈશ્વિક ભંડોળમાંથી વધુ એફડીઆઈ રોકાણ આકર્ષિત કરવાનો અને વેપારમાં સુગમતાને આગળ વધારવાનો છે. 60 દિવસમાં ત્વરિત નિર્ણયથી કંપનીઓને ભારતમાં ઉત્પાદન વિસ્તાર માટે સહયોગ સ્થાપિત કરવામાં મદદ મળશે. જમીન સરહદ વહેંચતા દેશો દ્વારા રોકાણ માટે એફડીઆઈ નીતિમાં મંત્રીમંડળ દ્વારા મંજૂર ફેરફારથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો, પુંજીગત વસ્તુઓ અને સોલાર સેલ્સના ઉત્પાદનમાં મદદ મળશે. ■





33,500 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓની ભેટ

# નવા યુગનું સાક્ષી બની રહ્યું છે દિલ્હી

*દિલ્હી ભારતની ઐતિહાસિક યાત્રાનું શહેર છે. આ શહેર હવે દેશના એક નવા યુગનું સાક્ષી બની રહ્યું છે. આ નવા ભારતના આત્મવિશ્વાસનો યુગ છે. ભારતનો આ જ આત્મવિશ્વાસ હવે દેશને વિકસિત ભવિષ્ય તરફ લઈ જશે. આ વિઝન સાથે આગળ વધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં 8 માર્ચે વિવિધ વિકાસ પરિયોજનાઓના ઉદ્ઘાટન અને શિલાન્યાસના અવસર પર કહ્યું કે આપણે સૌએ સાથે મળીને આપણા દરેક સંકલ્પની સિદ્ધિ માટે કરવું પડશે કામ....*

સજેલું-શણગારેલું દિલ્હી.... વિકસિત ભારતનું સારથી બનતી દેશની રાજધાની દિલ્હી. વિકાસનું પ્રતિબિંબ બનતું દિલ્હી. પાછલા 11 વર્ષમાં કેન્દ્ર સરકારે એક વિઝન સાથે દેશની રાજધાનીને નવી ઓળખ આપી છે. આઝાદ ભારતનું પોતાનું સંસદ ભવન હોય કે ભારત મંડપમ, યશોભૂમિ, કર્તવ્યપથ, કર્તવ્ય ભવન, રાષ્ટ્રીય સમર સ્મારક અને મેટ્રો જેવી અગણિત પહેલે દેશની રાજધાનીને નવું સ્વરૂપ આપ્યું છે. આજે દિલ્હી ભારતની રાજધાની માત્ર નથી, પરંતુ તે ભારતની ઓળખ અને ઊર્જાનું પ્રતિક પણ છે. માટે દિલ્હીનો વિકાસ માત્ર એક શહેરનો વિકાસ નહીં, પરંતુ તે સમગ્ર દેશની છબી સાથે જોડાયેલો છે. દિલ્હી જેટલું આધુનિક હશે, જેટલું સુવિધાજનક હશે, કનેક્ટિવિટી જેટલી સારી હશે, ભારતનો આત્મવિશ્વાસ દુનિયા સામે એટલો જ મજબૂત રીતે દેખાશે. દિલ્હીમાં લગભગ 33,500 કરોડ રૂપિયાના ખર્ચ સાથેની ઘણી વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ

## દિલ્હીમાં બનાવાયા અનેક નવા સ્થળો

- દેશ માટે પોતાના પ્રાણ ન્યૌછાવર કરનારા વીરોના સન્માનમાં નેશનલ વોર મેમોરિયલ બનાવવામાં આવ્યું.
- નવું સંસદ ભવન, કર્તવ્ય પથ, કર્તવ્ય ભવન અને સેવા તીર્થ આ સૌ 21મી સદીના ભારતની નવા વિચાર દર્શાવે છે.
- ભારત મંડપમ અને યશોભૂમિ જેવા સ્થળો દુનિયાને ભારતની સંસ્કૃતિ, ભારતના વેપાર અને ભારતની ક્ષમતાથી પરિચિત કરાવતા મોટા માધ્યમ બની ચૂક્યા છે.
- પ્રધાનમંત્રી સંગ્રહાલય અને યુગે-યુગીન ભારત સંગ્રહાલય જેવા નવા મ્યુઝિયમથી દિલ્હીને એક વધુ નવી ઓળખ મળી છે.





## મેટ્રો પરિયોજનાઓનું ઉદ્ઘાટન તથા શિલાન્યાસ

- સરોજિની નગર સ્થિત જીપીઆરએ ટાઈપ-5 ક્વાર્ટરની મુલાકાત લીધી અને મહિલા લાભાર્થીઓને ચાવીઓ સોંપી.
- લગભગ 18,300 કરોડ રૂપિયાના ખર્ચે દિલ્હી મેટ્રો પરિયોજનાનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું.
- દિલ્હી મેટ્રોના બે નવા કોરિડોરનું ઉદ્ઘાટન. જેમાં લગભગ 12.3 કિલોમીટરનો મજલીસ પાર્ક-મૌજપુર બાબરપુર (પિંકલાઈન) કોરિડોર અને લગભગ 9.9 કિલોમીટરનો દીપાલી ચોક- મજલીસ પાર્ક (મેજેન્ટા લાઈન) કોરિડોર સામેલ છે.
- નવી કનેક્ટિવિટીથી બુરાડી, જગતપુર, વજીરાબાદ, ખજુરી ખાસ, ભજનપુરા, યમુના વિહાર, મધુબન ચોક, હૈદરપુર, બાદલી મોડ, ભલરવા, મજલીસ પાર્ક સહિત દિલ્હીના ઘણા વિસ્તારોને ફાયદો થશે.
- દિલ્હી મેટ્રોના તબક્કા-5-એ અંતર્ગત લગભગ 16.10 કિલોમીટર લાંબા ત્રણ નવા કોરિડોરની આધારશીલા પણ મૂકી.
- આ ત્રણ નવા કોરિડોરઃ આરકે આશ્રમ માર્ગથી ઈન્દ્રપ્રસ્થ, એરોસિટીથી ઈન્દિરા ગાંધી એરપોર્ટ ટર્મિનલ-1 તથા તુગલકાબાદથી કાલિન્દી કુંજ છે.
- આ કોરિડોર રાષ્ટ્રીય રાજધાનીના ઘણા મહત્વપૂર્ણ સ્થળોને સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે. નોઈડા, દક્ષિણ દિલ્હી અને હવાઈ મથક વચ્ચે યાત્રા કરતા લોકો માટે કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## જીપીઆરએ અંતર્ગત ઘણી પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

**15,200** કરોડ રૂપિયાની ઘણી યોજનાઓનું પીએમ મોદીએ જનરલ પુલ રેસીડેન્સીયલ અકોમોડેશન (જીપીઆરએ) પુનઃ વિકાસ યોજના અંતર્ગત ઉદ્ઘાટન શિલાન્યાસ કર્યું.

- આ પરિયોજનાઓ સરોજિની નગર, નેતાજી નગર, કસ્તુરબા નગર અને શ્રી નિવાસ પૂરી જેવા મુખ્ય સ્થાનો પર છે.
- જીપીઆરએ કોલોનીઓનું આધુનિકીકરણ અને સરકારી કર્મચારીઓ તથા વહીવટી કાર્યાલયો માટે વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાના સરકારના મહત્વાકાંક્ષી કાર્યક્રમનો એક ભાગ છે.
- આ પરિયોજનાઓનો પુનઃવિકાસ એક નવીન આત્મનિર્ભર નાણાકીય મોડલના માધ્યમથી કરાયો છે. તે સુનિશ્ચિત કરે છે કે પુનઃ વિકાસ સરકારી ખજાના પર બોજો નાખ્યા વગર કરવામાં આવે.
- પુનઃ વિકાસ યોજના અંતર્ગત સરકારી કર્મચારીઓ માટે 9,350થી વધુ આધુનિક ફ્લેટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- લગભગ 48 લાખ વર્ગ ફૂટની ઓફિસ સ્પેસ પણ બનાવવામાં આવશે, જેનાથી વહીવટી ક્ષમતામાં ઉલ્લેખનીય વૃદ્ધિ થશે.

દિલ્હીમાં ઝડપથી વધી રહેલી સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉલ્લેખ કર્યો. કેટલાક દિવસો પહેલા દિલ્હી નમો ભારત જેવી ઝડપી ટ્રેન દ્વારા મેરઠ સાથે જોડાયું છે. મેટ્રો ફેઝ-4 શરૂ થવાની સાથે દિલ્હી મેટ્રોનું નેટવર્ક 375 કિલોમીટરથી પણ વધુ થશે.

મેટ્રોના નવા સેક્સનથી રાજધાનીને મોટી સુવિધા મળશે. તેનો લાભ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં સામેલ લોકો સુધી પહોંચશે. કેન્દ્ર સરકારનો પ્રયાસ છે કે દિલ્હીના લોકોને સાફ, આરામદાયક અને આધુનિક બસ સેવા મળે. કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલી 4,000 થી વધુ ઈલેક્ટ્રીક બસો આજે દિલ્હીના લોકોની સેવા કરી રહી છે. છેલ્લા એક વર્ષમાં જ લગભગ 1,800 નવી બસો દિલ્હીના માર્ગો પર ઉતારવામાં આવી છે. ■

**કોટા હવાઈ મથકનો પીએમ મોદીએ કર્યો શિલાન્યાસ**

# હાડૌતીની આકાંક્ષાઓની નવી ઉડાન

*સ્પષ્ટ ઈરાદા અને મજબૂત સંકલ્પથી વિકાસની ગતિ અનેક ગણી વધી જાય છે. રાજસ્થાનમાં આજે આ જ જોવા મળી રહ્યું છે. અહીંથી વિકસિત ભારતના સંકલ્પને નવી તાકાત મળી રહી છે. આ દિશામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 7 માર્ચે કોટા હવાઈ મથકનો શિલાન્યાસ કર્યો. લગભગ દોઢ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનનારૂં આ આધુનિક હવાઈ મથક આગામી સમયમાં સમગ્ર ક્ષેત્રના વિકાસને આપશે નવી ગતિ....*

રાજસ્થાનનું કોટા શહેર આજે ફક્ત શિક્ષણ માટે જ નહીં, પરંતુ ઊર્જા ઉત્પાદનના મોટા કેન્દ્રના રૂપે પણ ઓળખાય છે. અહીં પરમાણુ, કોલસો, ગેસ અને જળ જેવા વિભિન્ન સ્ત્રોતોથી વીજળી બનાવવામાં આવે છે. કોટાની કચોરી, ડોરીયા સાડી, સ્ટોન અને સેન્ડસ્ટોન પણ દુનિયાભરમાં પોતાની ઓળખ ધરાવે છે. નજીકમાં આવેલા બુંદીના બાસમતી ચોખા પોતાની સુગંધ માટે આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રસિદ્ધ છે. મહેનત, ઉત્પાદન અને સંભાવનાઓ માટે ઓળખાતા આ સમગ્ર વિસ્તારને હવે હવાઈ મથક બનવાથી એક નવી ઓળખ મળવા જઈ રહી છે, જેના કારણે કોટા અને આસપાસના વિસ્તારોનો વિકાસ ઝડપથી થશે.

પ્રધાનમંત્રી નો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

કોટા અને આસપાસના લોકોને આગામી સમયમાં વિમાન યાત્રા માટે જયપુર અથવા જોધપુર જવાની જરૂર પડશે નહીં કારણ કે હવે ટૂંક સમયમાં કોટામાં હવાઈ મથક શરૂ થશે. હવાઈ મથકના શિલાન્યાસ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2023ની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે -મેં કહ્યું હતું કે “કોટા એરપોર્ટ માત્ર એક સ્વપ્ન નહીં બની રહે, પરંતુ તેને સાકાર કરવામાં આવશે. આજે મને આનંદ થાય છે કે એ ક્ષણ આવી ગઈ છે, જ્યારે કોટા એરપોર્ટના નિર્માણનું કામ શરૂ થવા જઈ રહ્યું છે.”

કોટાને દરેક બાજુથી મજબૂત કનેક્ટિવિટી અપાઈ રહી છે. એક તરફ અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત કોટાના બે મુખ્ય રેલ સ્ટેશનોને આધુનિક સુવિધાઓથી સુસજ્જ કરાઈ રહ્યા છે, તો બીજી તરફ કોટા અને








## આસ્થાનું પણ મોટું કેન્દ્ર હાડૌતી ક્ષેત્ર

હાડૌતીની ભૂમિ ઉદ્યમ અને આસ્થાનું પણ મોટું કેન્દ્ર છે. સદીઓથી દેશ-દુનિયાના શ્રદ્ધાળુઓ અહીં શ્રી મથુરાધીશજીની પાવન પીઠ, કેશવ-રાય-પાટણના તીર્થ, ઉભા ગણેશજી મહારાજ અને ગોદાવરી બાલાજી ધામના દર્શન માટે આવે છે. ગરડિયા મહાદેવથી દેખાતા ચંબલનું દ્રશ્ય સૌને મંત્રમુગ્ધ કરી દે છે. મુકુન્દરા હિલ્સ અને રામગઢ વિષધારી જેવા વન્યજીવ અભ્યારણ્ય, આ સમગ્ર વિસ્તારને વાઈલ્ડ લાઈફ ટુરીઝમનું મોટું કેન્દ્ર બનાવે છે. જ્યારે હવાઈ કનેક્ટિવિટી વધશે તો દેશ અને દુનિયાના પર્યટકો અહીં આવશે. તેનો સીધો લાભ અહીંના યુવાઓ, વેપારીઓ અને સ્થાનિક અર્થવ્યવસ્થાને મળશે.

## વિકાસનો નવો અધ્યાય લખશે કોટાઃ લોકસભા અધ્યક્ષ

કોટા હવાઈ મથકના શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત લોકસભા અધ્યક્ષ અને કોટાના સાંસદ ઓમ બિરલાએ કહ્યું કે કોટાની જનતાનું બહુપ્રતિક્ષિત ગ્રીનફિલ્ડ એરપોર્ટનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે. કોટા એરપોર્ટના નિર્માણમાં ઘણા અવરોધો આવ્યા, પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં હાડૌતીને મોટી ભેટ મળી. તેમણે કહ્યું કે કોટામાં ઈન્ડસ્ટ્રી શરૂ કરવા માટે હું જ્યારે ઔદ્યોગિક સાહસિકોને મળતો હતો ત્યારે એરપોર્ટ નહીં હોવાના કારણે તેઓ પીછેહટ કરતા હતા. વર્ષ 2027 સુધી એરપોર્ટ બન્યા બાદ કોટા વિકાસની નવી ગાથા લખશે. ઉદ્યોગોના આવવાની સાથે જ આઈટી સેક્ટર પણ કોટામાં વિકસિત થશે. પર્યટન ક્ષેત્રમાં નવા આયામ વિકસિત થશે.



*"જ્યારે કનેક્ટિવિટી વધે છે તો વિકાસની સંભાવનાઓમાં પણ નવી ઝડપ આવે છે. છેલ્લા 11 વર્ષોમાં દેશના અલગ અલગ ભાગોમાં બનેલા નવા એરપોર્ટે વિકાસને નવી ગતિ આપી છે. આ નવા એરપોર્ટે હવાઈ યાત્રાને સરળ બનાવી છે. પ્રવાસનને પ્રોત્સાહન આપ્યું છે. યુવાઓ માટે રોજગારના અવસર ઉભા કર્યા છે અને ક્ષેત્રના વિકાસને નવી ગતિ આપી છે.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

બુંદીથી પસાર થનારા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે સમગ્ર ક્ષેત્રના વિકાસના નવા દ્વાર ખોલી રહ્યું છે. મજબૂત થઈ રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે હવે દિલ્હી-વડોદરા અને મુંબઈ જેવા મોટા શહેરો વચ્ચેનું અંતર માત્ર થોડા કલાકો જેટલું જ રહ્યું છે. સારી કનેક્ટિવિટીથી આ ક્ષેત્ર એગ્રો-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીનું એક મોટું કેન્દ્ર બનશે. ■




प्रधानमंत्री का पूरा कार्यक्रम देखने के लिए QR कोड स्कैन करें।

# ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઊર્જાથી મજબૂત થતું ભારત

*દક્ષિણ ભારતનું દેશની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ સ્થાન છે, આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર દક્ષિણ ભારતના રાજ્યોના વિકાસને ગતિ આપવા માટે સતત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રોકાણ વધારી રહી છે. આ કડી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 માર્ચે કેરલમ અને તમિલનાડુમાં 16,450 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનું કર્યું લોકાર્પણ અને શિલાન્યાસ....*

બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ માટે કેન્દ્ર સરકારે 12 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે, જે રાષ્ટ્રીય રોકાણ વધારવા માટે અને દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાના વિકાસ પ્રત્યે તેમની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સંદર્ભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 માર્ચે કેરલમના અર્નાકુલમમાં 10,800 કરોડ અને તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં 5.650 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ વિકાસ પરિયોજનાઓમાં ધોરીમાર્ગો, રેલવે, ગ્રામ્ય રસ્તા, સ્વચ્છ ઊર્જા, ગેસ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક, રિફાઈનરી સાથે જોડાયેલી પરિયોજનાઓ સામેલ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુમાં ભારત પેટ્રોલિયમના સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કની આધારશીલા મૂકી આનાથી નલગીરી અને ઈરોડ

> **અમારો પ્રયાસ છે કે કેરલમ પણ સૌર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરે. આ ઉદ્દેશ્યથી વેસ્ટ કલ્લાડામાં 50 મેગાવોટના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. કેરલમમાં તો ખૂબ મોટી સંખ્યામાં જળાશયો છે. માટે અહીં ફ્લોટિંગ સોલાર પાવર ક્ષેત્રમાં ખૂબ વધુ સંભાવનાઓ છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## કેરલમમાં આ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

- બીપીસીએલની કોચ્ચી રિફાઈનરીમાં પોલીપ્રોપાઈલીન એકમની આધારશીલા. આ પોલી પ્રોપાઈલીન એકમની ક્ષમતા 400 કિલો ટન પ્રતિ વર્ષ છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓનું ઉદ્ઘાટન જેમાં એનએચ-66ના થલાપાડી-ચેંગલા ખંડના છ લેનનું નિર્માણ અને વેંગલમથી રામનટ્ટુકરા સુધી કોઝીકોડ બાયપાસના છ લેનનું નિર્માણ સામેલ છે. બંને પ્રોજેક્ટ પર 4,790 કરોડ રૂપિયાનો ખર્ચ.
- પીએમજીએસવાયમાં નિર્મિત 23 ગ્રામીણ રસ્તાઓનું ઉદ્ઘાટન.
- અમૃત ભારત સ્ટેશન યોજનામાં શોરાનૂર જંકશન, કુટ્ટીપુરમ અને ચાંગાનાસ્સેરી પુનઃનિર્મિત રેલવે સ્ટેશનોનું ઉદ્ઘાટન.
- શોરાનુર-નિલામ્બુર રોડ રેલવે લાઈનની વિદ્યુતીકરણ પરિયોજનાઓનું લોકાર્પણ.
- કેરલમથી કોલમ જિલ્લાના પશ્ચિમ કલ્લાડામાં 50 મેગાવોટની ફ્લોટિંગ સૌર ઊર્જા પરિયોજનાઓની આધારશીલા.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો






પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## તમિલનાડુની આ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

- નીલગિરી અને ઈરોડમાં બીપીસીએલના 3,680 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ સાથે સીધા ગેસ વિતરણ નેટવર્કની આધારશીલા. આ પરિયોજનાઓથી 8.8 લાખથી વધુ ઘરોને પીએનજી કનેક્શન મળશે. 201થી વધુ સીએનજી સ્ટેશન સ્થાપિત થશે.
- ચેન્નઈમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના 672 હજાર મેટ્રિક ટન પ્રતિ વર્ષ ક્ષમતાવાળા લ્યુબ બ્લેન્ડીંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત. જેમાં લગભગ 10,490 કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત તમિલનાડુમાં 370 કિલોમીટર લાંબા 89 ગ્રામીણ રસ્તાઓનું ઉદ્ઘાટન.
- એનએચ-18 પર ગંગઈકોંડા ચોલપુરમ પાસે ગ્રીનફિલ્ડ બાયપાસની આધારશીલા.

જિલ્લાના લગભગ 9 લાખ પરિવાર અને ઘણી વ્યવસાયિક સંસ્થાઓને પીએનજી ઉપલબ્ધ થશે. પીએમ મોદીએ કહ્યું કે આ પરિયોજનાઓ ઊર્જાની ઉપલબ્ધતા અને સંપર્કને પ્રોત્સાહન આપશે તથા તમિલનાડુના યુવાઓ માટે હજારો રોજગારીનું સર્જન કરશે. તેમણે કહ્યું કે માત્ર આઠ વર્ષોમાં આ પરિયોજનાઓના સકારાત્મક પર્યાવરણીય પ્રભાવ ચાર કરોડ વૃક્ષો વાવવા જેટલા હશે.

નાળિયેરના બાગ તથા અનાજના ખેતર કેરલમની સમૃદ્ધિને વધુ વધારી રહ્યા છે. વિકાસની આ કડીમાં 10,800 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓના ઉદ્ઘાટન અને શિલાન્યાસ બાદ જનસભામાં પીએમ મોદીએ કહ્યું કે રાજ્યના નામને કેરળથી 'કેરલમ'ના રૂપે ઓળખ આપવાનો નિર્ણય અહીંની જનતાની ભાવનાઓનું સન્માન છે. આ મલયાલમ ભાષા અને સંસ્કૃતિની સમૃદ્ધ વિરાસતને સન્માન આપવાનું પણ પ્રતિક છે. હવે દેશ અને દુનિયા આ રાજ્યને કેરલમના નામથી ઓળખે છે.

વિશ્વ આજે ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થઈ રહેલા રોકાણની પ્રશંસા કરે છે. કેરલમ અને તમિલનાડુમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણને લઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરીથી કહ્યું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ કરતો દરેક રૂપિયો નવી રોજગારીનું સર્જન કરે છે. આ જેટલા પણ પ્રોજેક્ટ છે એનાથી હજારો યુવાઓને નવા રોજગાર મળવાના છે. ■




# 'બજેટ'
# જન આકાંક્ષાઓને વાસ્તવિકતામાં બદલવી

*બજેટ આવ્યા બાદ તેના લાભ દેશના નાગરિકોને મળે, બજેટની પાઈ-પાઈ જે કામ માટે અપાઈ છે, ત્યાં સુધી ઝડપથી પહોંચાડવાની દિશામાં બજેટ વેબિનાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજ કારણ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 6 માર્ચે કૃષિ અને ગ્રામીણ પરિવર્તન તથા 9 માર્ચે સબકા સાથ, સબકા વિકાસ- જનતાની આકાંક્ષાઓની પૂર્તિ વિષય પર ક્રમશઃ ત્રીજા અને ચોથા બજેટ વેબિનારમાં કર્યું સંબોધન....*

ભારતની લાંબા ગાળાની વિકાસયાત્રામાં કૃષિ વ્યૂહાત્મક આધાર છે અને આ જ વિચાર સાથે કેન્દ્ર સરકાર કૃષિ ક્ષેત્રને સતત મજબૂત કરી રહી છે. બજેટ બાદ કૃષિ અને ગ્રામીણ પરિવર્તન પર વેબિનારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે ખાદ્યાન્ન અને દાળથી લઈ તેલીબીયાં સુધી દેશ રેકોર્ડ ઉત્પાદન કરી રહ્યું છે. પરંતુ હવે જ્યારે 21મી સદીનું બીજુ ક્વાર્ટર શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે કૃષિ ક્ષેત્રને નવી ઊર્જાથી ભરવું એટલું જ આવશ્યક છે. આ વર્ષના બજેટમાં આ દિશામાં નવા પ્રયાસો કરાયા છે.

જન આકાંક્ષાઓની પૂર્તિનું ખૂબ મોટું માધ્યમ શિક્ષણ, કૌશલ્ય, આરોગ્ય, પ્રવાસન, રમતગમત, સંસ્કૃતિ જેવા મૂળભૂત ક્ષેત્ર છે. માટે બજેટ બાદ વેબિનારમાં આ મહત્વપૂર્ણ આયામો પર પણ ચર્ચા કરાઈ. સબકા સાથ

## "કૃષિ અને ગ્રામીણ પરિવર્તન" વિષય પર વેબીનારમાં પીએમ મોદીના સંબોધનના મુખ્ય અંશ

- આ નાણાકીય વર્ષમાં કેન્દ્રીય બજેટમાં કૃષિ અને ગ્રામીણ પરિવર્તનને નવી દિશા પ્રદાન કરાઈ.
- સરકારના મુખ્ય પ્રયાસોથી ખેડૂતના જોખમ ઓછા થયા છે. તેમને મૂળભૂત આર્થિક સુરક્ષા મળી છે.
- ઉચ્ચ મૂલ્ય ધરાવતા કૃષિ પાકોને પ્રોત્સાહન આપવાથી આ ક્ષેત્ર વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્ષેત્રમાં પરિવર્તિત થશે.
- નિકાસલક્ષી ઉત્પાદનોમાં વધારાથી, પ્રક્રિયા અને મૂલ્યવર્ધનના માધ્યમથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનું સર્જન થશે.
- મત્સ્યપાલન ગ્રામીણ સમૃદ્ધિ માટે એક ઉચ્ચ મૂલ્ય અને ઉચ્ચ પ્રભાવવાળું ક્ષેત્ર અને વિકાસ વૃદ્ધિનો એક મુખ્ય આધાર બની શકે છે.
- સરકાર એગ્રીસ્ટેકના માધ્યમથી કૃષિ માટે ડિજિટલ સાર્વજનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરી રહી છે.
- ટેકનોલોજી ત્યારે પરિણામ આપે છે જ્યારે સિસ્ટમ અપનાવીએ, સંસ્થાઓ એકીકૃત કરીએ અને ઉદ્યોગ સાહસિકો તેમાં નવીનતા લાવે.
- દેશમાં સ્ટોરેજ માટે મોટું અભિયાન ચાલી રહ્યું છે. લાખોની સંખ્યામાં ગોદામ બનાવાઈ રહ્યા છે.

## "સબકા સાથ સબકા વિકાસ જનતાની આકાંક્ષાઓની પૂર્તિ"

# વેબિનારમાં પીએમ મોદીના સંબોધનના મુખ્ય અંશ

- ભારત આજે નિવારક અને સમગ્ર આરોગ્યના વિઝન સાથે કામ કરી રહ્યું છે.
- છેલ્લા વર્ષોમાં દેશમાં આરોગ્ય માળખું મજબૂત થયું છે. આરોગ્ય સેવાઓની પહોંચ દરેક ગામ સુધી વિસ્તારવામાં આવી છે.
- આયુષ્માન ભારત યોજના અને આરોગ્ય મંદિરોના માધ્યમથી સંખ્યાબંધ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ ખોલવામાં આવી છે.
- આપણું યોગ અને આયુર્વેદ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય થઈ રહ્યું છે.
- આપણી શિક્ષણ પ્રણાલીને વાસ્તવિક અર્થવ્યવસ્થા સાથે જોડવાની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવી પડશે.
- એઆઈ અને ઓટોમેશન, ડિજિટલ અર્થવ્યવસ્થા અને ડિઝાઈન-આધારિત ઉત્પાદન જેવા વિષયો પર ધ્યાન વધારવું પડશે.
- આજે જ્યારે આપણે ભવિષ્યની ટેકનોલોજી માટે તૈયારી કરી રહ્યા છે, ત્યારે તે મહત્વપૂર્ણ છે કે કોઈપણ દિકરી તકોના અભાવે પાછળ ન રહી જાય.
- છેલ્લા કેટલાક વર્ષોમાં રમતગમતને રાષ્ટ્રીય વિકાસના એક મહત્વપૂર્ણ પ્રવાહના રૂપે જોવામાં આવે છે.
- ખેલો ઈન્ડિયા જેવી પહેલોએ દેશમાં રમતગમત ઈકો સિસ્ટમને નવી ઊર્જા આપી છે અને સમગ્ર દેશમાં રમતગતમ માળખાગત સુવિધાઓ સુદ્રઢ કરાઈ રહી છે.

પ્રધાનમંત્રીનો સમગ્ર કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો

***ભારતમાં આપણે કેમિકલ ફ્રી ખેતી અને નેચરલ ફાર્મિંગ પર ભાર આપવો પડશે. નેચરલ ફાર્મિંગથી, કેમિકલ ફ્રી પ્રોડક્ટથી દુનિયાના બજારો સુધી પહોંચવાનો માર્ગ મોકળો થશે. આ માટે સર્ટિફિકેશન, લેબોરેટરી જેવી તમામ વ્યવસ્થા વિશે સરકાર વિચાર કરી રહી છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

*6 માર્ચના બજેટ વેબિનારમાં*



પ્રધાનમંત્રીનો સમગ્ર કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો

***યુવા શક્તિ ત્યારે જ રાષ્ટ્રીય શક્તિ બને છે, જ્યારે તે સ્વસ્થ પણ હોય, શિસ્તબદ્ધ હોય અને આત્મવિશ્વાસથી ભરપૂર હોય. જ્યારે સંસ્થાઓ, ઉદ્યોગો, શિક્ષણવિદો સાથે મળીને કામ કરે છે, ત્યારે પરિવર્તનની ગતિ ઝડપી બને છે. બજેટ બાદ વેબિનારની જે આ શ્રેણી થઈ રહી છે, મને વિશ્વાસ છે એનાથી આગામી સમય માટે નક્કર દિશા મળશે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

*9 માર્ચના બજેટ વેબિનારમાં*

સબકા વિકાસ-લોકોની આકાંક્ષાઓની પૂર્તિ વિષય પર બજેટ બાદના આયોજિત વેબિનારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં દેશની સામુહિક માનસિકતામાં એક મોટું પરિવર્તન આવ્યું છે. આજે ગામ, કસબો, શહેરની સીમાઓથી ઉપર, ભારતનો દરેક યુવા કંઈક નવું કરવા ઈચ્છે છે. નવી પેઢીનું આ નવું માઈન્ડસેટ દેશની સૌથી મોટી તાકાત છે. ઉજ્વળ ભવિષ્યની સૌથી મોટી મૂડી છે. અને આ સંપત્તિનો અસરકારક રીતે ઉપયોગ કરવા માટે જરૂરી છે કે આપણે આપણી શિક્ષણ પ્રણાલીને સતત આધુનિક બનાવીએ. ■

પીએમ મુદ્રા, ઈ-નામ અને યુપીઆઈ

# આર્થિક સુરક્ષાનું મજબૂત ચક્ર

*ભારત દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી મુખ્ય અર્થવ્યવસ્થાઓ પૈકીનું એક છે. આ ગતિને જાળવી રાખવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે.... તે પ્રધાનમંત્રી મુદ્રા યોજના દ્વારા સ્વરોજગાર અને રોજગારને પ્રોત્સાહન આપવાનું હોય કે ઈ-નામ જેવા પ્લેટફોર્મના માધ્યમથી ખેડૂતોને પોતાની ઉપજની વેચાણ સુવિધા આપવાનું હોય. સાથે જ, નાના-મોટા વેપારી કોઈપણ સમયે ક્યાંય પણ ચુકવણી સ્વીકારી શકે તથા નાગરિકો માટે નાણાકીય વ્યવહાર સરળ બને તે માટે શરૂ કરાયેલું યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) ડિજિટલ વ્યવહારોને બનાવી રહ્યું છે સુલભ અને સમાવેશી....*

ભારતની અર્થવ્યવસ્થાની મજબૂતીનો અંદાજ એ વાતથી લગાવી શકાય કે ગત વર્ષે જ દેશ દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે. પ્રગતિની આ ગતિ યથાવત રહી તો અનુમાન છે કે આગામી અઢીથી ત્રણ વર્ષોમાં ભારતની અર્થવ્યવસ્થા ત્રીજા સ્થાને પહોંચી જશે. એટલું જ નહીં 2030 સુધી ભારતનું સકળ ઘરેલું ઉત્પાદન એટલે કે જીડીપી 7.3 ટ્રિલિયન અમેરિકી ડોલર સુધી પહોંચી જશે. આમાં સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો (એમએસએમઈ)નું મોટું યોગદાન છે. દેશમાં 6 કરોડથી વધુ એમએસએમઈ છે. જેના દ્વારા કરોડો લોકોને રોજગારની તકો મળે છે.

સરકારે એમએસએમઈની વ્યાખ્યામાં ગત વર્ષના બજેટમાં ફરી વિસ્તરણ કર્યું છે, જેનાથી તેઓને સતત આગળ વધતા રહેવાનો આત્મવિશ્વાસ મળે. એક દાયકા પહેલાં સુધી એમએસએમઈને સરળતાથી લોન મળતી ન હતી. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેતૃત્વવાળી સરકારમાં એમએસએમઈને લોન મેળવવી સરળ બની ગઈ છે અને તેની અસર દેશની અર્થવ્યવસ્થા પર સકારાત્મકરૂપે જોવા મળી રહી છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં 37 લાખ કરોડ રૂપિયાથી વધુની લોન ફાળવવામાં આવી ચૂકી છે. આ ફક્ત આર્થિક મદદ જ નહીં પરંતુ










પીએમ મુદ્રા યોજના

# ઉદ્યોગ સાહસિકતા ક્રાંતિને આપ્યું પ્રોત્સાહન

**પ્રધાનમંત્રી મુદ્રા યોજનાએ 8 એપ્રિલ, 2015ના રોજ શરૂઆત બાદથી જ દેશભરમાં ઉદ્યોગ સાહસિકતાની ક્રાંતિને વેગ આપ્યો છે. નાણાકીય સમાવેશની શક્તિ અને પાયાના સ્તરે નવાચારની તાકાતને મજબૂતી આપી છે. આ યોજનાના માધ્યમથી 56 લાખથી વધુ લોન મંજૂર કરવામાં આવી છે. જેનાથી ઉદ્યોગ સાહસિકતા માટે 37 લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ થઇ છે ઉપલબ્ધ ...**

- સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને કોઈ ગેરંટી વિના પીએમ મુદ્રા યોજનામાં 10 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. આનાથી રોજગાર અને સ્વરોજગાર શક્ય બને છે.
- નાણાકીય વર્ષ 2024-25માં તરૂણ પ્લસની નવી શ્રેણી અંતર્ગત મુદ્રા લોનની રકમ વધારીને 20 લાખ રૂપિયા કરાઈ છે. આ લોન એ ઉદ્યોગ સાહસિકોને મળે છે, જેમણે તેમની પાછળની લોનની સફળતાપૂર્વક ચુકવણી કરી છે.
- બજેટ જાહેરાત 2025-26માં સરકારે હોમસ્ટે માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં એક અલગ શ્રેણી શરૂ કરી છે. ગ્રામીણ ક્ષેત્રોમાં સ્થિત હોમસ્ટે આ લોનનો લાભ ઉઠાવવા માટે પાત્ર છે.
- પ્રધાનમંત્રી મુદ્રા યોજનાની શરૂઆતથી 2 જાન્યુઆરી, 2026 સુધી 37.31 લાખ કરોડ રૂપિયાના મૂલ્યની 56.31 કરોડથી વધુ મુદ્રા લોન આપવામાં આવી છે.




**15.6** Pradhan Mantri mudra Yojna

**લાખ કરોડ રૂપિયા યોજનાની શરૂઆતથી ઓક્ટોબર, 2025 સુધી એસસી, એસટી, ઓબીસી અને અલ્પસંખ્યક ઉદ્યોગ સાહસિકોને 33.4 કરોડ લોન ખાતાઓમાં આપવામાં આવ્યા છે.**

**69%** **નાની લોન મહિલા ઉદ્યોગ સાહસિકોએ મેળવી.**

> *"નાના ઉદ્યોગ પોતાનું વિસ્તરણ કરી શકે, તે માટે એમએસએમઈની વ્યાખ્યા બદલી છે. ક્રેડિટ ગેરેન્ટી કવરેજ વધાર્યું છે. મુદ્રા યોજનામાં દેશના સામાન્ય લોકો જે પહેલીવાર ઉદ્યોગ-કારોબાર ક્ષેત્રમાં આવી રહ્યા છે, તેમને વિના કોઇ ગેરંટી આટલી મોટી રકમ લોન રૂપે આપવામાં આવી છે. 50 ટકાથી વધુ લાભાર્થી, એસસી, એસટી, ઓબીસી પરિવારના છે. પ્રયાસ એ જ છે કે નાના ઉદ્યોગ યુવાઓના મોટા સ્વપ્નો સાકાર કરે."*
>
> **- નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી.**

દરેક ભારતીય ના સ્વપ્નોને ઉડાન આપવાનું માધ્યમ બની ગયું છે.

છેલ્લા 11-12 વર્ષોમાં સરકારે સામાજિક સુરક્ષાની સાથે સાથે રોજગાર અને સ્વરોજગાર વધારવા માટે આર્થિક સુરક્ષાનું ચક્ર પણ તૈયાર કર્યું છે. આ નીતિઓએ ભારતની અર્થવ્યવસ્થાને અભૂતપૂર્વ રૂપે બદલી છે. સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ 2047 સુધી ઉચ્ચ-મધ્ય આવક હાંસલ કરવાના લક્ષ્ય સાથે, દેશ આર્થિક વિકાસ, માળખાકીય સુધારા અને સામાજિક પ્રગતિના મજબૂત પાયા પર આગળ વધી રહ્યો છે. કરોડો લોકોને સરળતાથી લોન જ નથી મળી, પરંતુ રાષ્ટ્રીય કૃષિ બજાર ઈ-નામ જેવા પ્લેટફોર્મે ખેડૂતોને કૃષિ ઉપજ વેચવા માટે 1,522 બજારો સુધી પહોંચ વધારી છે. આનાથી ખેડૂતોને આર્થિક સુરક્ષા મળી છે.

ભારતમાં યુપીઆઈએ વૈશ્વિક સ્તરે ડિજિટલ નાણાના વ્યવહારની રીત બદલી નાખી છે. એક અભ્યાસ દર્શાવે છે કે 2030 સુધી ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થા દેશની કુલ અર્થવ્યવસ્થા નો લગભગ પાંચમો હિસ્સો બની જશે. છેલ્લા એક દાયકામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં ટેકનોલોજી

રાષ્ટ્રીય કૃષિ બજાર

# ખેડૂતોની બજાર સુધી સરળ પહોંચ

રાષ્ટ્રીય કૃષિ બજાર (ઈ-નામ)એ ખેડૂતો અને વેપારીઓને એક પારદર્શક અને સ્પર્ધાત્મક ડિજિટલ પ્લેટફોર્મથી જોડયા છે. તેનાથી તેમને પોતાની ઉપજ વેચવા માટેની વધુ તકો મળી છે અને દેશભરના કૃષિ બજાર એકબીજા સાથે જોડાઈ રહ્યા છે. આ પ્લેટફોર્મે ખેડૂતોને ઉચ્ચ કિંમતો પર કૃષિ ઉપજ વેચવાની સ્વતંત્રતા આપી છે આર્થિક સુરક્ષા ચક...



- 14 એપ્રિલ, 2016 ના રોજ શરૂ થયેલા આ પ્લેટફોર્મ પર 4.40 લાખ કરોડ રૂપિયાથી વધુની કૃષિ ઉપજનો વેપાર થયો છે.
- ઈ-નામ મોબાઈલ એપ્લિકેશન દ્વારા 247 સૂચિત વસ્તુઓ માટે નિઃશુલ્ક મોબાઈલ-આધારિત મૂલ્ય માહિતી સેવાઓ પૂરી પાડે છે.
- આ એપ ખેડૂતોને 100 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા બજારો, પ્રવર્તમાન ભાવ અને બજાર સુધી પહોંચવાનો નકશો બતાવે છે.
- કૃષિ ઉપજની ગુણવત્તા પરીક્ષણની સુવિધા આપે છે. સાફ-સફાઈ, ગ્રેડિંગ, શોર્ટીંગ તેમજ પેકેજીંગ માટે માળખું પ્રદાન કરે છે.
- ઈ-નામથી જોડાયેલા ખેડૂતોની સમસ્યાઓના સમાધાન માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800-270-0224 ઉપલબ્ધ છે.
- ભારતની કૃષિ અર્થવ્યવસ્થાના દીર્ઘકાલીન વિકાસમાં ઈ-નામ યોગદાન આપી રહ્યું છે. ખેડૂતોની વચેટીયા પરની નિર્ભરતા ઓછી થઈ છે, ભાવતાલની શક્તિ મજબૂત થઈ છે.

**ઈ-નામનું નેટવર્ક**

| બજાર | |
|---|---|
| વેપાર યોગ્ય કૃષિ વસ્તુઓ | 247 |
| રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશ | 27 |
| નોંધાયેલા ખેડૂત | 1.80 કરોડ |
| વેપારી | 2.72 લાખ |
| કમિશન એજન્ટ | 1.20 લાખ |
| એફપીઓ | 4,698 |

*(આંકડા 28 ફેબ્રુઆરી, 2026 સુધીના છે)*

# રીટેલ પેમેન્ટનો સરળ ડિજિટલ અનુભવ

યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ)થી હવે રિટેલ પેમેન્ટ સરળ થઈ ગયું છે. યુપીઆઈથી દરરોજ 64 કરોડ ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે. 11 એપ્રિલ, 2016ના રોજ શરૂ કરાયેલું યુપીઆઈ લોકો માટે તૈયાર કરાયેલી એ ટેકનોલોજીની કહાની છે, જે જોડી રહી છે દુનિયાભરના જીવન અને અર્થવ્યવસ્થાઓને...

**64 કરોડથી** વધુ ટ્રાન્ઝેક્શન યુપીઆઈ દ્વારા દરરોજ થાય છે

**6.5 કરોડ** વેપારીઓની સેવા, 691 બેંક યુપીઆઈ પર લાઈવ

- જાન્યુઆરી, 2026માં 28.33 લાખ કરોડ રૂપિયાના 21.70 અબજ ટ્રાન્ઝેક્શન થયા.
- ભારતમાં કુલ રિટેલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શનમાં 81% થી વધુ યુપીઆઈથી થાય છે.
- આઠ અન્ય દેશોમાં પણ યુપીઆઈ જેમાં ભૂતાન, ફ્રાંસ, મોરેશિયસ, નેપાળ, કતાર, સિંગાપુર, શ્રીલંકા અને યુએઈ સામેલ.
- આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે સ્વીકાર્યું કે નાણાકીય લેવડ-દેવડની દ્રષ્ટિએ UPI વિશ્વની સૌથી મોટી રિટેલ ઝડપી ચુકવણી પ્રણાલી છે.
- એસીઆઈ વર્લ્ડવાઈડ રિપોર્ટ અનુસાર, વૈશ્વિક રિયલ એસ્ટેટ ચુકવણી સિસ્ટમમાં યુપીઆઈ વ્યવહાર વોલ્યુમના આશરે 49% હિસ્સો ધરાવે છે.



વિકાસના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પરિવર્તન જોવા મળ્યું. જેણે તેને વૈશ્વિક મહાશક્તિના રૂપે સ્થાપિત કરી છે. તેણે બિનસરકારી અથવા રજીસ્ટ્રેશન વિનાની અનૌપચારિક અર્થવ્યવસ્થાને પણ નિયંત્રિત કરી છે. ટેકનોલોજીએ નાણાંના વ્યવહારોને વધુ પારદર્શક બનાવ્યા છે. ▪

X



PMO India
@PMOIndia

पीएम किसान सम्मान निधि योजना देश के छोटे किसानों के लिए, सामाजिक सुरक्षा का एक माध्यम बन गई है: PM @narendramodi in Guwahati



Rajnath Singh
@rajnathsingh

रक्षा क्षेत्र में भारत पूरी गति से आत्मनिर्भरता की ओर बढ़ रहा है, और इसके सकारात्मक परिणाम स्पष्ट दिख रहे हैं। आज भारतीय नौसेना के लिए वॉरशिप्स और सबमरीन भारतीय शिपयार्ड्स में ही बन रही हैं। हमारा लक्ष्य स्पष्ट है 2030 तक दुनिया के टॉप टेन शिपबिल्डिंग नेशन्स में स्थान बनाना और 2047 तक टॉप फाइव में पहुँचना।



Amit Shah
@AmitShah

UCC, डेमोग्राफिक चेंज की रोकथाम में भी कारगर सिद्ध होगा। मोदी सरकार द्वारा लाया गया हाई पावर डेमोग्राफी मिशन जल्द ही अपना काम शुरू करेगा।



Nitin Gadkari
@nitin_gadkari

गरिबों का स्वास्थ्य अच्छा रहें, उन्हें कम लागत में 💊 💉 दवा उपलब्ध हो, इस उद्देश्य से प्रधानमंत्री श्री @narendramodi जी द्वारा कार्यान्वित 'प्रधानमंत्री भारतीय जन औषधि परियोजना' के अंतर्गत 🇮🇳 देश के गरिबों को दवाई औसत बाजार मूल्य की तुलना में 50 से 90 प्रतिशत तक सस्ती मिल रही है। सस्ती दवा के साथ साथ जन औषधि परियोजना देश भर में रोजगार सृजन में भी मददगार साबित हो रही है।



Shivraj Singh Chouhan
@ChouhanShivraj

आज हमारी बेटियाँ बड़ी संख्या में कृषि शिक्षा की ओर आगे बढ़ रही हैं। इसी दिशा में ICAR शीघ्र ही एक जेंडर प्लेटफॉर्म लॉन्च करने जा रहा है, जो पूरे देश के कृषि अनुसंधान नेटवर्क में महिला-केंद्रित शोध को नई गति और दिशा देगा।



Giriraj Singh
@girirajsinghbjp

माननीय प्रधानमंत्री जी के नेतृत्व में भारत में रोजगार के नए अवसर अब मेट्रो शहरों से आगे बढ़कर Tier-2 और Tier-3 शहरों में तेजी से विकसित हो रहे हैं।

देश के लगभग 70% रोजगार नॉन-मेट्रो शहरों में हैं, जिनमें Tier-3 शहरों की हिस्सेदारी 40% है। यह बढ़ती औद्योगिक गतिविधियों और युवाओं के लिए नए अवसरों का संकेत है।

## एलपीजी पर दहशत फैलाने वाले अपनी पोल खोल रहे : मोदी

प्रधानमंत्री ने कालाबाजारी करने वालों को कार्रवाई की चेतावनी दी...कहा-राज्य सरकारें रखें नजर



किसानों, नागरिकों पर बोझ नहीं

धैर्य और शांति से करना होगा हालात का सामना

...अतिरिक्त 18 करोड़ बैरल तेल खरीदना होगा

## मेट्रो की रिंग तैयार, अब दिल्ली के किसी भी कोने तक सफर आसान



दीपाली चौक से मजलिस पार्क

## आज का भारत संकट में अपने नागरिकों को कभी अकेला नहीं छोड़ता : पीएम मोदी

केरल में कहा-प. एशिया में फंसे भारतीयों को निकालने में पूरी ताकत लगाई, कांग्रेस राजनीति कर रही



एलडीएफ-यूडीएफ में चल रही सत्ता परिवर्तन की राजनीति, राज्य के विकास के लिए राजग जरूरी



## जल जीवन मिशन 2.0 मंजूर 8.69 लाख करोड़ खर्च होंगे

कैबिनेट ने हर घर नल जल योजना 2028 तक बढ़ाई

देश में एक समान राष्ट्रीय डिजिटल ढांचा 'सुगम्य भारत' विकसित होगा




सामुदायिक भागीदारी मजबूत करने को हर साल 'जल उत्सव'

## तेज करना होगा वास्तविक अर्थव्यवस्था से शिक्षा व्यवस्था का जुड़ाव : पीएम मोदी

बजट वेबिनार में कौशल, स्वास्थ्य, पर्यटन, खेल व संस्कृति जैसे क्षेत्रों पर दिया जोर



**મોટી ઉપલબ્ધિ**

# ભારતમાં ચિત્તાઓની હાફ સેન્ચુરી

*પૃથ્વી પર સૌથી અદ્ભુત વન્યજીવોમાંના એક ચિત્તાને 1952માં ભારતમાંથી લુપ્ત ઘોષિત કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે પ્રોજેક્ટ ચિત્તાનો પ્રારંભ કર્યો. સપ્ટેમ્બર, 2022માં નામીબિયાથી લવાયેલા 8 ચિત્તાઓને પીએમ મોદીએ કૂનો નેશનલ પાર્કમાં છુટા મુક્યા. ભારતીય ધરતી પર ચિત્તાઓની વધી રહી છે સંખ્યા... 9 માર્ચ, 2026 ના રોજ નામિબીયાના ચિત્તા 'જ્વાલા'એ કૂનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં પાંચ બચ્ચાને આપ્યો જન્મ, જેની સાથે જ 53 થઈ ભારતમાં ચિત્તાઓની સંખ્યા...*

- વર્ષ 2023 ભારતીય ભૂમિ પર 70 વર્ષ પછી પહેલીવાર ચિત્તાના બચ્ચા જન્મ્યા.
- નવેમ્બર, 2025માં ભારતીય ભૂમિ પર જન્મેલી પહેલી માદા ચિત્તા 'મુખી' પાંચ સ્વસ્થ બાળકોની માતા બની.
- નામીબિયાની 'જ્વાલા' હવે ત્રીજી વાર માતા બની, તેણે પાંચ બચ્ચાઓને જન્મ આપ્યો.
- ભારતમાં જન્મેલા ચિત્તાના બચ્ચાઓની સંખ્યા વધીને 33 પર પહોંચી, કુલ ચિત્તા 53 થઈ ગયા.
- તાજેતરમાં જ દક્ષિણ આફ્રિકાની ચિત્તા 'ગામિની' બીજીવાર માતા બની, તેણે ચાર બચ્ચાઓને જન્મ આપ્યો.
- 9 ફેબ્રુઆરી, 2026 ના રોજ બોત્સવાનાથી 9 ચિત્તા ભારતને મળ્યા, જેમને કૂનોના ક્વોરેન્ટાઈન એન્ક્લોઝરમાં છોડવામાં આવ્યા.



જ્વાલા તેના બચ્ચાઓ સાથે




ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

**આર.એન.આઈ., DELGUJ/2020/78812, 1-15 એપ્રિલ, 2026**

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ-19 માર્ચ 2026, કુલ પાના-44)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-
110003 થી પ્રકાશિત